# ગુજરાતમાં ધાર્મિક અને તત્ત્વજ્ઞાનના સાહિત્યની પરિસ્થિતિ


: લેખક :

દી. બ. નર્મદાશંકર દેવશંકર મહેતા



: પ્રકાશક :

લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર

નવરંગપુરા, અમદાવાદ-૯

# ગુજરાતમાં ધાર્મિક અને તત્ત્વજ્ઞાનના સાહિત્યની પરિસ્થિતિ

**धर्मान्न प्रमदितव्यम् । सत्यान्न प्रमदितव्यम् । ( तैत्तिरीय उपनिषद् )**
**ऋतं च सत्यं चाभीद्धात्तपसोऽध्यजायत ॥ ( ऋग्वेद )**

**ઉપક્રમ :** સાહિત્ય પરિષદના વર્તમાન અધિવેશન સમયે ધર્મ અને તત્ત્વજ્ઞાનના વિભાગના પ્રમુખ તરીકે મારી પસંદગી કરવામાં પરિષદના ચાલકોએ જે ઉદારભાવ દર્શાવ્યો છે તેથી સર્વથા આભારી છું. આ વિભાગની જવાબદારીનું પ્રમુખપદ સાહિત્ય પરિષદના પ્રમુખ મહાશય આચાર્ય શ્રી આનંદશંકરભાઈને આપ્યું હોત તો મને પોતાને વિશેષ આનંદ પ્રકટત; કારણકે **ધર્મ** અને **તત્ત્વ** એ બે પદાર્થોને તેમણે પોતાની નૈસર્ગિક પ્રતિભા વડે અને વિપુલ અભ્યાસ વડે તેમના જ્ઞાનમંદિરના પ્રાંગણના ક્રીડાકંદુકો બનાવી દીધા છે, અને તે આપણને લીલારૂપે સારી રીતે સમજાવી શકત, અને ધર્મ અને તત્ત્વને લગતું આપણું ગુજરાતી ભાષાનું સાહિત્ય શી રીતે સમૃદ્ધ બનાવી શકાય તેનું રેખાચિત્ર તેઓ સારી રીતે ચીતરી શકત.

વાઙમયના કાવ્યમીમાસંકો બે વિભાગ પાડે છે :- (૧) કાવ્ય અને (૨) શાસ્ત્ર. શાસ્ત્ર મનુષ્ય પ્રાણીને ધર્મ અને અધર્મનું ભાન કરાવી કર્તવ્યની પ્રવૃત્તિની દિશા દેખાડી શાસન કરે છે. વળી તે મનુષ્ય પ્રાણીને કાર્યરૂપે જગત, કારણરૂપ પદાર્થ (પછી તે ઈશ્વર, પ્રકૃતિ, ગમે તે સંજ્ઞાથી વર્ણવો ) અને કાર્ય-કારણને જાણનાર જીવાત્મા, એ ત્રિપુટીનું મૂલ સ્વરૂપ કેવું છે તેનું શંસન એટલે વર્ણન કરે છે .. આ પ્રમાણે શાસ્ત્ર શબ્દની વ્યુત્પત્તિથી સમજી શકાય એમ છે કે ધર્માધર્મની

પ્રવૃત્તિનિવૃત્તિનું શાસન કરનાર, અને જગત, જીવ, ઈશ્વર, એ ત્રણ પદાર્થનું વાસ્તવસ્વરૂપ કેવું છે તે જણાવનાર સાહિત્ય તે શાસ્ત્રસાહિત્ય. આ શાસ્ત્રસાહિત્ય શુદ્ધ શાસ્ત્રરૂપ હોય, જેવા કે વેદાદિ; અથવા રસાત્મક વાક્યોથી ગ્રથિત થયેલું કાવ્યથી મિશ્ર સાહિત્ય પણ હોય, જેવાં કે રામાયણ, મહાભારત, પ્રબોધચંદ્રોદયાદિ નાટકો.

ધર્મ અટલે શું ? આ જમાનામાં હિંદુ-મુસલમાનના ઝઘડાથી સામાન્યજનો ધર્મની વાત સાંભળતા ભડકે છે. હિંદુસ્તાનનું સ્વરાજ્ય ધર્મની ભાંજગડોમાં ગયું છે, અને ધર્મના પ્રશ્નોને દૂર રાખવામાં આવે તો આપણા સ્વરાજ્યના પ્રશ્નોનો સત્વર ઉકેલ થઈ શકે તેમ છે. આ આક્ષેપ પ્રથમદર્શને સામાન્ય મનુષ્યોને બલવાન લાગશે. પરંતુ વિચાર કરતાં સમજાશે કે ભારતવર્ષની ધર્મભાવના આવા ઝઘડા કરાવનારી નથી. ભારતવર્ષની ધર્મભાવના એ હિન્દુઓના હિન્દુધર્મનાં, બૌદ્ધોના બૌદ્ધધર્મનાં અને જૈનોના આર્હતધર્મનાં મૂર્ત રૂપો ઘડ્યાં છે, અને ત્રણે ધર્મના પ્રવર્તકોએ તેને આ લોક અને પરલોકના હિતને અર્થે, વ્યક્તિની અને સમાજની યોગ્ય ધારણા અથવા વ્યવસ્થા કરવાને અર્થે પ્રબોધ્યો છે. **ઝઘડાઓનું મૂલ કારણ ખરી રીતે અર્થવાસના અને કામવાસનાને અનિયંત્રિત વહેવા દેવામાં સમાયેલું છે. ધર્મભાવનાને વશ નહિ વર્તનારી ધનની અને વિષયભોગની લોલુપતા એ જ ક્લેશનું અને ઝઘડાનું કારણ છે.** જે ભારતવર્ષમાં ધર્મ પહેલો, અર્થ બીજો અને કામ ત્રીજો, એવી ત્રિવર્ગની વ્યવસ્થા મહર્ષિઓએ સમજાવી છે, તે ભારતવર્ષમાં હાલ આપણે અર્થ પહેલો, કામ બીજો અને ધર્મ ત્રીજો, એવી અવળી પુરુષાર્થની પદ્ધતિ રચી બેઠા છીએ. ગમે તે રીતે ધનવાન થવું છે. પાપ-પુણ્યનો બિલકુલ વિચાર કરવો નથી. તેવા ધન વડે અર્થ પુરુષાર્થ સાધી ગમે ત્યાંના ગમે તેવા ભોગ્ય પદાર્થો ભોગવવા છે, અને આ પ્રમાણે ધનમદ અને કામમદથી ઉન્મત્ત થવું છે, અને કોમીય ઝઘડાનું પાપ બિચારા ધર્મને માથે નાખવું છે ! આ સાથે અપધર્મને આપણે ધર્મ માની બેઠા છીએ.

જેમ પૃથ્વીનો ગંધ એ સ્વાભાવિક ગુણ છે, તેમ મનુષ્ય આત્માનો ધર્મ એ સ્વાભાવિક વિશેષગુણ છે. પાર્થિવ પદાર્થોમાં ગંધ ગુણ જેવી રીતે ગુપ્ત હોય છે, અને વૃષ્ટિ આદિના સહકારી સંબંધથી પ્રકટ થાય છે, તેમ આત્મામાં તેની સર્વથા ઉન્નતિ કરાવનાર ધર્મ નામનો વિશેષ ગુણ, જેમનામાં તે ગુણ પ્રબુદ્ધ થયો છે એવા મહાપુરુષોના સંપર્ક વડે, વ્યક્ત થાય છે.પ્રત્યેક જીવ સ્વભાવથી જ ઈચ્છે છે કે હું

શી રીતે દુઃખથી છૂટો રહું, અને સુખ સાથે જીવી શકું ? આ પ્રશ્ન જ્યાં સુધી ઊઠે છે ત્યાં સુધી દુઃખના સાધનરૂપ અધર્મથી નિવૃત્ત થવાનો, અને સુખના સાધનરૂપ ધર્મમાં પ્રવૃત્ત થવાનો પ્રશ્ન સામો ઊભો જ રહે છે. જ્યારે સુખદુઃખની વાસના ઊઠશે નહી, ત્યારે ધર્મ-અધર્મનો પ્રશ્ન ઊઠશે નહી. મનુષ્યની સુખદુઃખની વાસના જેવી સાહજિક છે, તેવી ધર્માધર્મની વાસના પણ સાહજિક છે.સુખદુઃખ ચિત્તના પરિણામી કાર્યધર્મો છે, અને ધર્મ-અધર્મ તે કારણધર્મો છે.સુખદુઃખ પ્રકટ થયા પછી, તેના અંકુરો નીકળ્યા પછી, તેના કારણો પ્રતિ આપણી દૃષ્ટિ વળે છે. આ જ કારણથી ધર્મ અને અધર્મને "અદૃષ્ટ" નામ આપવામાં આવે છે. ચિત્તના ઘણા વ્યાપારો પુરુષની અનુભવ-મર્યાદામાં આવતાં નથી, પરંતુ કાર્યોના ઉદય થયા પછી તે અદૃષ્ટકોટીમાંથી દૃષ્ટ કોટિમાં આવે છે. આપણો જીવનયોનિ પ્રયત્ન, આપણા હૃદયનો સંકોચવિકાસ, આપણી પચનક્રિયા, આ વગેરે સર્વ જીવનનિર્વાહક ચેષ્ટાઓ આપણી સામાન્ય જ્ઞાનમર્યાદામાં આવતી નથી,પરંતુ જ્યારે રોગ વડે અસ્વસ્થતા પ્રકટ થાય છે ત્યારે અસ્વસ્થતાનાં કારણો તે અવયવોમાં શાં છે તેનું ભાન થાય છે અને અદૃષ્ટ ભૂમિકામાંથી દૃષ્ટ ભૂમિકામાં લાવવાને આપણે મથીએ છીએ. ધર્માધર્મ નામના આપણા વિશેષગુણોના પણ આ જ પ્રકારે અસ્તોદય થાય છે. સુખ-સાક્ષાત્કાર સમયે ધર્મસંસ્કાર સમજાય છે; દુઃખના અનુભવ પ્રસંગે અધર્મસંસ્કાર સમજાય છે.

સુખમાં પરિણામ પમાડનાર અને ઊંચી ગતિ કરાવનાર મનનો બીજરૂપ ગુણ તે ધર્મ; દુઃખમાં પરિણામ પમાડનાર અને નીચી ગતિ આપનાર ગુણ તે અધર્મ.[૧] સામાન્ય રીતે આ ગુણો આત્મચૈતન્યને દૃષ્ટ થતા નથી તે અદૃષ્ટ કહેવાય છે. પરંતુ ઉપાય વડે તે દૃષ્ટ અથવા અનુભવમર્યાદામાં આવી શકે છે. સાધારણ બુદ્ધિવાળાને સુખ અને દુઃખના કારણરૂપે તે અનુમાનમાં આવી શકે છે, પરંતુ અસાધારણ પ્રતિભાવાળાને તે ગુણ પ્રત્યક્ષ અનુભવાય છે. જેમ આપણા સુખદુઃખને, આપણા પ્રયત્નને, આપણે અનુભવમર્યાદામાં લાવી શકીએ છીએ, જો કે તે દેહ બહારના પદાર્થો નથી, તેમ આપણા ધર્માધર્મના સંસ્કારને તથા તેના વેગને યોગ્ય ઉપાયથી આપણે અનુભવમર્યાદામાં લાવી શકીએ છીએ.સામાન્ય મતિને જે અદૃષ્ટ છે,તે આર્ષમતિને દૃષ્ટ થાય છે.ધર્માધર્મનું પ્રત્યક્ષ તાર્કિક મતિ વડે

થતું નથી પરંતુ પ્રતિભા વડે અથવા શુદ્ધ પ્રજ્ઞા વડે થઈ શકે છે.

ધર્મ અને અધર્મનો સાક્ષાત્કાર થવામાં પ્રતિબંધરૂપ કારણો રાગ, દ્વેષ અને મોહ છે. આ ત્રણ દોષોથી હણાયેલી બુદ્ધિ ધર્માધર્મનું, પ્રત્યક્ષ કરી શકતી નથી. જેટલા જેટલા અંશમાં આ દોષો છૂટતા જાય છે તેટલા અંશમાં આપણી મર્યાદાવાળી અણુબુદ્ધિ અમર્યાદ પ્રતિભાના રૂપમાં પલટાતી જાય છે.[2]

આ શુદ્ધ પ્રતિભા અથવા પ્રજ્ઞા તે ધર્મનું દર્શન કરાવે છે. જે અન્તઃકરણમાં તે પ્રતિભા ઉદય પામે છે. કાંઈ નહિ તો પોતાના અધ્યક્ષ ચેતનના ભૂત અને ભાવિ ભવનું કંઈક ઝાંખું જ્ઞાન ઉત્પન્ન કરે છે. આવી ભૂત અને ભાવિ વિપાકને સમજવાની પ્રતિભાશક્તિ જેની ઉષઃકાલ જેવી જાગે છે તેવા ધર્મજ્ઞ વર્ગના **अव्यक्तात्मा** અથવા ઝાંખા જ્ઞાનવાળા આત્માઓ કહેવાય છે. તે આત્માઓ પ્રાણી પદાર્થોનું જે સત્ય સ્વરૂપ છે તેના પ્રતિ વિશેષ આકર્ષાય છે અને તેમના દેખાતા રૂપમાં મોહ પામતા નથી. તેઓ સત્યપક્ષપાતી હોય છે. તેઓ જોયેલું જેવું છે તેવું વદે છે એટલું જ નહિ, પણ વસ્તુનું સત્ય સ્વરૂપ જ જુએ છે, અને તેથી તેમના અનુભવને જણાવનાર વાક્યમાં અજ્ઞાન અથવા સંશયજન્ય મિથ્યા જ્ઞાનની છાંટ હોતી નથી. આપણે મનુષ્યો સત્યવાદી હોઈએ છીએ, એટલે કે જેવું જોયું જાણ્યું તેવું વદીએ છીએ; પરંતુ આપણા જોવા જાણવામાં દોષ હોય તો મૂલ વસ્તુના સ્વરૂપ સંબંધમાં આપણું સત્યવચન ન્યાયનિર્ણયમાં કંઈ ઉપયોગનું ગણાતું નથી. કોઈ સાક્ષી અજ્ઞાન, અથવા સંશય, અથવા વિપર્યય વડે બીચારો હણાયલો હોય તો તે ભલે સત્યવાદી હોય પણ ન્યાયનિર્ણયમાં ભાગ્યે જ ઉપયોગી થઈ પડે છે. પરંતુ જે યથાર્થદર્શી અને યથાર્થવક્તા હોય તે શુદ્ધ સાક્ષી ઉપયોગનો છે. આવું યથાર્થ વસ્તુદર્શન અને તે દર્શનને અનુસરતું સત્યવચન બોલવાનો જેના ચત્તિનો ધર્મ જાગે છે તેવા ધર્મજ્ઞ આત્માને **अणुआत्मा** સંજ્ઞા આપવામાં આવે છે. પહેલા અને બીજા વર્ગના આત્માઓને એટલે **अव्यक्तात्मा** અને **अणुआत्मा** ને ધર્મ વસ્તુનો પ્રબોધ બીજા અનુભવીના શબ્દદ્વારથી અથવા શબ્દ-જ્યોતિથી ઉદય પામે છે. તેવા અનુભવીઓ ત્રીજા વર્ગના **महात्मा** કહેવાય છે. પરંતુ જેના રાગ, દ્વેષ અને મોહના સ્થૂલ સૂક્ષ્મ પાશો કપાયા છે, અને જેમને માત્ર તે ક્લેશો અત્યંત તનુભાવવાળા , એટલે ચિત્તના ઉપર માત્ર જાળીવાળા બુરખા જેવા શેષ રહ્યા છે, તેમની દૃષ્ટિ પારકાના પ્રબોધ વિના પોતાના સામાન્ય યોગજન્ય પ્રયત્નથી

ઊઘડી જાય છે.આ ચોથી પ્રતિભામય આર્ષ મતિને **संबोधि** કહે છે, અને તેવા આત્માઓ **संबुद्धात्मा** ગણાય છે. પોતાની મેળે સમ્યક્ બોધિને પામનારા આત્માઓ પૈકીનું સર્વોત્તમ ઉદાહરણ ભગવાન ગૌતમ બુદ્ધનું છે. આ સિદ્ધ પુરુષ વેદવાદી નહોતા તો પણ તેમના ધર્મચક્રપ્રવર્તનના બળને બ્રાહ્મણોએ સ્વીકાર્યું છે. પછવાડેના પુરાણ સાહિત્યમાં ભગવાન બુદ્ધની નિંદા જોવામાં આવે છે, પરંતુ 'મહાભારત' ના આપણા પાંચમા વેદરૂપ ધર્મકોશમાં એમ સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે '' તેઓ ઉન્મત્ત દાનવોને વશમાં લાવી પોતે બુદ્ધભાવને પામ્યા હતા, અને સર્ગનું રક્ષણ તેમણે કર્યું છે![3] સમ્યક્બોધિ અથવા સ્વયં પ્રબુદ્ધ થવાની પ્રતિભાશક્તિ મેળવ્યા પછીના ચડિયાતી કોટીના ધર્મજ્ઞો શુદ્ધ આલોચન કરનાર, માત્ર નેત્રનિમીલન કરી ધર્માધર્મનું વિદ્યુત જેવું પ્રત્યક્ષ કરનારા મહાપુરુષોને **तपःसिद्ध** ઋષિ કહે છે. તેનાથી ચડિયાતી કોટીના સાધુ પુરુષો માતાના ગર્ભમાં હોય ત્યાંથી પ્રબુદ્ધ થાય છે. આવી પૂર્વજન્મની સામગ્રીના પ્રભાવ વડે આ જન્મના કોઈ પણ પ્રકારની સાધનસિદ્ધિ વિના ધર્મજ્ઞ અને તત્ત્વજ્ઞ રૂપે પ્રકટ થનાર વામદેવ મહર્ષિનું દષ્ટાંત છે. ત્યારપછીના સાધુ મહાપુરુષો **मन्त्रसिद्ध** અને **ऐश्वर्य सिद्ध** વર્ગના હોય છે. તેમના મુખથી જે કંઈ સમયસર નીકળી આવે છે તે મંત્રરૂપ હોય છે, અને જેમના પ્રતિ તે વાણીનો ઉચ્ચાર કરે છે તેમને ઐશ્વર્યાદિ ફળ મળે છે.ધર્માધર્મનું શુદ્ધ આન્તર પ્રત્યક્ષ કરનારા સાધુ પુરુષોને સાત વર્ગના સપ્તર્ષિ મંડળ[4] કહેવામાં આવે છે. આ ધર્મ પ્રત્યક્ષ કરનારા સાધુ પુરુષો દેવ વર્ગના હોય તો देवर्षि કહેવાય બ્રાહ્મણ વર્ગના હોય તો **ब्रह्मर्षि**; રાજવર્ગના હોય તો **राजर्षि**; અને બીજા ગમે તે જાતિના અથવા વર્ણના હોય તો **सिद्धर्षि**; કહેવાય.

આથી સ્પષ્ટ થઈ શકે એમ છે કે મનુષ્યાત્મામાં સુખદુઃખને પ્રકટ કરનારા ધર્માધર્મ અવ્યક્ત વર્ગના ગુણો છે. તે ગુણો સામાન્યજનોમાં રાગ,દ્વેષ અને મોહથી દબાયેલા અથવા આવૃત્ત હોય છે. આ આવરણોના પાશ જેના શિથિલ અથવા છૂટી ગયેલા હોય છે તે ધર્માધમનું સ્પષ્ટ દર્શન કરનારા - ૧ **अव्यक्तात्मा** ,૨ **अणुआत्मा**, ૩ **महात्मा**, ૪ **प्रबुद्धात्मा**, ૫ **तपःसिद्धत्मा**, ૬ **मन्त्रसिद्धत्मा**, ૭ **ऐश्वर्यसिद्धत्मा**, એવા સાત વર્ગ પૈકીનું એક પણ પ્રતિભામય દર્શન જેમનું ઊઘડ્યું નથી તેવા જનો ધર્મના મર્મ કદી સમજી શકતાં નથી.

જેમ કાવ્યશાસ્ત્રમાં કવિની પ્રતિભા અને રસજ્ઞની સહૃદયતાની રસનિષ્પત્તિમાં જરૂર છે, તેમ ધર્મ અને તત્ત્વને લગતી વિદ્યાના શાસ્ત્રમાં ઉપદેષ્ટામાં આર્ષપ્રતિભાની અને શ્રોતામાં શ્રદ્ધાદિ છ દૈવી સંપત્તિની, શાંત રસની અભિવ્યક્તિમાં જરૂર રહે છે . જેવો કાવ્ય-મીમાંસામાં રસાધિકાર છે, તેવો જ ધર્મવિજ્ઞાનશાસ્ત્રમાં પણ શમાધિકાર છે.

આ સંસારના ભવરોગીઓના ભવરોગની ચિકિત્સા કરનારા સાધુ જનોના હાથમાં જ ધર્માધર્મ, જે અદૃષ્ટ છે, તેને દૃષ્ટ ભાવમાં લાવવાની કૂંચી રહેલી છે. આવા સાધુ જનો પ્રતિભાવાળા સત્યદર્શી હોય છે. તેઓમાં કદાચ તર્કબુદ્ધિનો વિભવ ઓછો હોય છે તેથી પાંડિત્ય ન દર્શાવે, પરંતુ તેટલા માત્રથી તેમના હૃદયની ઊંચી ગણના કરતાં આપણે જો પરીક્ષક વર્ગમાં ગણાવું હોય તો, પાછા હઠવું ન જોઈએ. શુદ્ધ સાધુ જનો જીવોની ધર્મકાયાનું જેટલું વિસ્તારવાળું અને ઊંડુ અવલોકન કરી શકે છે તેનું શતાંશ અસાધારણ તર્કબુદ્ધિવાળા વિદ્વાનો પણ રાગ, દ્વેષ , અને મોહના પાશમાં જકડાયેલા હોવાથી કરી શકતા નથી. તેઓ જીવોની ભોગકાયાને જ જોઈ શકે છે. સાધુ મહાત્માઓ જ અસાધુ જીવોની નવી ધર્મકાયાનું નિર્માણ કરે છે; તેઓ જ અસાધુનું સાધુમાં રૂપાન્તર કરે છે; તેઓ જ હલકી પ્રતની ધાતુને સુવર્ણ બતાવનારા અદ્દ્ભુત કીમિયાગરો છે. પંડિતો આમાંનું કાંઈ પણ કરવા સમર્થ હોતા નથી. ધર્મ અને તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં તેઓ બીચારા દરિદ્ર હોય છે. એક સાચા સાધુ સંતના વાતાવરણમાં બેસી જુઓ, તેમના નેન, ચેન અને રહેણનો અનુભવ કરો, અને તમને સહજ સમજાશે કે પાપી અને અધર્મી પ્રાણીઓનાં પાપ અને અધર્મ કેવી રીતે કપાઈ જાય છે. આ ચિત્તશોધક સામર્થ્ય વડે ભગવાન બુદ્ધે અંગુલિમાલ નામના ખૂનીને વશ કર્યાનું સુપ્રસિદ્ધ ઉદાહરણ છે.

જીવોના ચિત્તમાં રહેલું સુખજનક ધર્મબીજ રાગ વડે અને દુઃખજનક અધર્મબીજ દ્વેષ વડે અંકુરિત થાય છે.રાગ વડે અને દ્વેષ વડે સેવાતો ધર્મ તે સકામ ધર્મ છે, અને દ્વેષ વિનાના કર્તવ્ય બુદ્ધિથી આત્મહિત અથવા જગતહિતને અર્થે સેવાતા ધર્મને નિષ્કામ ધર્મ કહે છે. નિષ્કામ ધર્મ તે ફૂલ વિનાનો ધર્મ એમ ન સમજવું. તે ધર્મ સકામ ધર્મની પેઠે તે અભ્યુદયરૂપ ફલને પ્રકટ કરતો નથી, પરંતુ ચિત્તની એવી અસાધારણ શુદ્ધિ કરે છે કે તેવા ચિત્તને નિઃશ્રેયસ અથવા પરમાર્થ-સુખની સહજ

પ્રાપ્તિ થાય છે. સાંસારિક સુખ, પછી તે આ લોકનું હોય કે પરલોકનું હોય, તેનો ઉત્પાદક સકામ ધર્મ છે. પારમાર્થિક સુખ, પછી તે આ લોકમાં જીવનમુક્તરૂપે અનુભવવાનું હોય, અથવા બ્રહ્મલોકમાં અનુભવવાનું હોય, તેનો ઉત્પાદક નિષ્કામ ધર્મ છે.

રાગદ્વેષથી પ્રેરાયેલા મન વડે જે સકામ ધર્મ મન,વાણી, અને શરીરથી સધાય અને તેવા દોષની છાયા વિનાના શુદ્ધ ભાવ વડે પ્રેરાયેલા મન વડે જે નિષ્કામ ધર્મ મન, વાણી અને શરીર વડે સધાય તેવા અંગત આચારનું, બીજા પ્રાણી પ્રદાર્થો સાથે કેવી રીતે પ્રવૃત્તિ-નિવૃત્તિ સેવવી તેવા વ્યવહારનું, અને આપણામાં દોષ ઉત્પન્ન થયો હોય તો તે દોષ શી રીતે કપાય અને તેનું દુષ્ટ પરિણામ શી રીતે અટકાવી શકાય એવા પ્રાયશ્ચિતનું વિધાન કરનાર શાસ્ત્ર તે ધર્મજ્ઞાનનું શાસ્ત્ર છે. આપણા ભારતવર્ષમાં આ ધર્મજ્ઞાનના ત્રણ મોટાં વૃક્ષો ઊગ્યાં છે :- (૧) વેદધર્મનું (૨) બૌદ્ધધર્મનું, (૩) જૈન ધર્મનું. તેમાં વેદધર્મના, સ્મૃતિ, ઈતિહાસ,પુરાણ, તન્ત્રો, આગમો વગેરેથી ઉપબૃંહણ પામેલા વિશાલ ધર્મવૃક્ષને આપણે હિન્દુ ધર્મ કહીએ છીએ. તેની અનેક શાખા-પ્રશાખાઓ છે, અને તેનાં પત્રો,પુષ્પો અને ફુલોથી આ મહાન્યગ્રોધ અથવા વટવૃક્ષની નીચે ઘણા સંપ્રદાયો અને પંથના સાધુજનો વિશ્રામ લે છે. તેવી જ રીતે હીનયાન અને મહાયાનની શાખાના અર્હત્ અને બોધિસત્ત્વો મહાબોધિ વૃક્ષ નીચે વિરામ લે છે ; અને દિગંબર અને શ્વેતાંબર શાખાના શ્રાવકો અને સૂરિઓ શાલવૃક્ષ નીચે વિશ્રામ લે છે.

શ્રુતિ,સ્મૃતિ; સદાચાર, પોતાના કલ્યાણનું ભાન, અને યોગ્ય સંકલ્પથી ઉત્પન્ન થતો કામ, એ ધર્મનાં મૂલ ગણાય છે. તે વડે ધર્મનું જ્ઞાન અને અધર્મનું જ્ઞાન અંકુરિત થાય છે. ધર્મજ્ઞાન વડે કુશળ કર્મ મન, વાણી અને શરીરનાં થવાથી ચિત્તને સુખ ભોગવવાનો વિશેષ અધિકાર મળે છે. અધર્મના જ્ઞાન વડે અકુશલ કર્મથી નિવૃત્ત થવાય છે, અને દુઃખના ઉદયને અટકાવાય છે. અવિહિત અને નિષિદ્ધ કર્મ રાગ,દ્વેષ અને મોહના દબાણને લઈ કરવામાં આવે તો દુઃખને ભોગવવા લાયક સંસ્કાર ચિત્તમાં પડે છે. એટલે નિયત નિમિત્ત ઊભા થતાં દુઃખનો અનુભવ જાગે છે. આ પ્રમાણે શુદ્ધબુદ્ધિ વડે સુખ અને દુઃખનું સ્વરૂપ, તે સુખ અને દુઃખના કારણરૂપ ધર્મ અને અધર્મનું સ્વરૂપ, તે ધર્મ પ્રતિની ઈચ્છા અને અધર્મ પ્રતિનો દ્વેષ

પ્રકટ થતાં પ્રવૃત્તિ કરવાનો યત્ન અને નિવૃત્ત થવાનો યત્ન થાય છે. તેવા પ્રયત્ને વડે મન, વાણી, અને શરીરની ચેષ્ટા થાય છે. તે ચેષ્ટા ચિત્તમાં છેવટનો સંસ્કાર ભવ અથવા સંસારનું, આપણી સુખદુઃખાત્મક પ્રવાહી સ્થિતિનું, ઉત્પન્ન કરનાર સાધન બને છે.

૧ બુદ્ધિ, ૨ સુખ, ૩ દુઃખ, ૪ ઈચ્છા, ૫ દ્વેષ, ૬ પ્રયત્ન, ૭ ધર્મ, ૮ અધર્મ, ૯ સંસ્કાર, આ નવ આત્માના વિશેષ ગુણોમાં બુદ્ધિ તે દેખાડનાર સાધન છે, સુખદુઃખ તે સાધ્ય ભોગરૂપ છે, ઈચ્છા અને દ્વેષ સુખદુઃખ પ્રતિ ખેંચનારા અને પ્રયત્ન તે પ્રવૃતિ પ્રકટ કરનાર સાધનરૂપ ગુણો છે : ધર્મ-અધર્મ તે પ્રયત્ન વડે પ્રકટ થનારા બીજકો છે, તે સંસ્કાર રૂપે રહે છે. અને કર્મ વિપાકના નિયમથી જાતિ, આયુષ અને ભોગ ત્રણ વિપાકને એક ભવમાં ફલ રૂપે પ્રકટ કરે છે.

જીવાત્માએ ૧ સુખ, ૨ દુઃખ, ૩ ઈચ્છા, ૪ દ્વેષ, ૫ પ્રયત્ન, ૬ ધર્મ, ૭ અધર્મ, અને ૮ સંસ્કારના આઠ આરાવાળા ચક્રભ્રમણમાંથી બચવું હોય તો તેણે પોતાની જ્ઞાનશક્તિને અથવા પ્રકાશ આપનારી બુદ્ધિને રાગ દ્વેષ અને મોહનાં ત્રણ આવરણોથી દૂર રાખવી જોઈએ, અને એવી નિરાવરણ બુદ્ધિ વડે તે ધર્મ-અધર્મનું પ્રત્યક્ષ કરી શકે છે.

ધર્માધર્મનું અલૌલિક પ્રત્યક્ષ યોગાચારજન્ય ધર્મવિશેષ વડે થાય છે. આથી યોગજ ધર્મ નામનો વિશેષ ગુણ જે આત્મામાં પ્રકટ થયો તે જ ખરી રીતે બીજા પ્રાણીઓ ઉપર ધર્મ અને અધર્મનું શાસન કરી શકે છે. જેમનામાં તે વિશેષધર્મ પ્રકટ નથી થયો તે માત્ર ધર્મ અને અધર્મના પરોક્ષ જ્ઞાનનો અનુવાદ જ કરી શકે છે. તેમની જેટલી બુદ્ધિની શુદ્ધિ હોય તે પ્રમાણે તે યોગી પ્રત્યક્ષથી જણાયેલા અને શાસ્ત્રના વાક્યમાં ગૂંથાયેલા ધર્માધર્મનો અનુવાદ કરે છે. યોગીજનો ધર્માધર્મના પ્રત્યક્ષ અનુભવી શાસન કરનારા છે, અયોગી વિદ્વાનો તે શાસનનું અનુશાસન કરનારા હોય છે.

વેદધર્મની ધર્મદેશના ઘણે ભાગે ત્રણ વર્ણવાળી પ્રજાને અર્થે થયેલી છે, પરંતુ તેની સ્મૃતિ, ઈતિહાસ, પુરાણ, તન્ત્ર અને આગમોની શાખામાં પ્રાણીમાત્રને ઉપયોગી સર્વસાધારણ ધર્મની દેશના કરવામાં આવી છે.

બૌદ્ધ ધર્મની ધર્મદેશના કંઈક વિલક્ષણ બલવાળી મનુષ્ય જાતિને સર્વત્ર ઉપકારક થાય તેવી છે. સમગ્ર જગતનું હિત કરવાના વ્રતની જાણે દીક્ષા લીધી હોય તેવા બોધિસત્ત્વો કરુણાભાવથી પ્રેરાયેલા હોઈ મનુષ્ય જાતિ માત્રને ભગવાન બુદ્ધનો અષ્ટાંગ ધર્મ સમજાવે છે. બોધિસત્ત્વોનું એમ કહેવું છે કે બ્રાહ્મણો પ્રાદેશિકી ધર્મદેશના કરે છે ; સંસ્કાર વિનાના મૂર્ખજનોને પ્રબોધવા તેઓ શ્રમ લેતા નથી. સાચા બોધિસત્ત્વો

**करुणापरतन्त्रास्तु स्पष्टतत्त्वनिदर्शिनः ।**
**सर्वापवादनिःशंकाश्चक्रः सर्वत्र देशनाम् ॥**
**यथा यथा हि मौर्ख्यादिदोषदुष्टो भवेज्जनः।**
**तथा तथैव नाथानां दयां तेषु प्रवर्तते ॥**
**नेवावाहविवाहादि संबंधो वांछितो हि तैः ।**
**उपकारस्तु कर्तव्यः साधुगीतमिदं ततः ॥**

**विद्यविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।**
**शुनि चैव श्वपाके च पंडिता ; समदर्शिनः॥**
**( तत्त्वसंग्रह )**

શાંતરક્ષિત બૌદ્ધાચાર્ય બૌદ્ધધર્મની દેશના સબંધમાં જણાવે છે :

'' બોધિસત્ત્વો કરુણા પરતંત્ર બને છે, સ્પષ્ટ તત્ત્વ કહે છે, લોક શું કહેશે તેવા આપવાદથી બીતા નથી, અને તે સર્વત્ર ધર્મદેશના કરે છે. જેટલો જેટલો મૂર્ખત્વાદિ વધારે દોષોથી દુષ્ટ થયેલો જનસમાજ હોય તેટલી તેટલી વધારે દયા બોધિસત્ત્વને ધર્મદેશના કરવાને પ્રેરે છે. બોધિસત્ત્વોને કન્યાની આપલે કરવાના વ્યવહારો નથી તેથી જ ઉપકાર કરવાની વૃતિથી જ દેશદેશાંતરમાં ધર્મદેશના કરે છે. અમારી આ પ્રવૃતિને, બ્રાહ્મણો જેને ઈશ્વરાવતાર માને છે એવા શ્રીકૃષ્ણનું સાધુ વાક્ય ટેકો આપે છે કે :- '' વિદ્યા-વિનય-સંપન્ન બ્રાહ્મણમાં, ગાય-હાથીમાં, કૂતરા તથા ચાંડાલમાં યથાર્થ પંડિત સમર્દશી હોય છે. ''

આ આરોપને વૈદિક બ્રાહ્મણો હજુ દૂર કરી શક્યા નથી. પરંતુ ભાગવત ધર્મના સાધુસન્તો શૈવાગમના શિવાચાર્યો અને અતિવર્ણાશ્રમી રામકૃષ્ણાદિ પરમહંસોએ વેદધર્મની એકદેશી ધર્મદેશનાને ટાળી નાખી છે. અને તેમણે

ભગવત્તત્ત્વના નામ, રૂપ, ગુણ, અને પરાક્રમનો પ્રબોધ સર્વદેશી કર્યો છે. બૌદ્ધધર્મે મહાયાનનું રૂપ પકડ્યું તે પહેલાં ભારતવર્ષની મર્યાદાનું અતિક્રમણ ભાગવત ધર્મે કર્યું હતું, અને તે ધર્મ સર્વજનને પ્રવિત્ર કરનાર બન્યો હતો એમ બેસનગર આગળથી પ્રાપ્ત થયેલા શિલાલેખથી આપણે જાણી શકીએ છીએ. તે લેખ ઈ.સ. પૂર્વના બીજા સૈકાનો છે અને યવન હેલીઓડોરસે વાસુદેવની ભક્તિના દર્શક ચિહ્ન તરીકે ગરુડધ્વજ ઊભો કર્યો છે એમ જણાવે છે. આ ઉપરથી સમજાય છે કે શ્રીકૃષ્ણ ભગવાનથી પ્રબોધાયેલો ઐકાન્તિક ભાગવતધર્મ યવનરાજ્યમાં પ્રસાર પામેલો હતો.અને જે કાર્ય હાલ રામકૃષ્ણ પરમહંસના અનુયાયીઓ વેદાન્તધર્મની દેશના યુરોપ અમેરિકામાં કરી રહ્યા છે તેવો પ્રયત્ન ઈ.સ. પૂર્વના ભાગવત ધર્મે કર્યો હતો. ભાગવત ધર્મેની આ પ્રાચીન ઉદારતા શાન્તરક્ષિત બૌદ્ધ આચાર્ય ( ઈ.સ. ૬૯૧-૭૪૩ ) ગીતાવાક્યને પ્રમાણરૂપે આપી જડ પૂર્વમીમાંસકોને જગવે છે કે ધર્મદેશના એકદેશી નહિ પણ સર્વદેશી હોવી જોઈએ અને તે કેવલ અપૌરુષેય વેદવાક્ય ઉપર બંધાયેલી નહિ પણ શુદ્ધ ધર્માનુભવી પુરુષના વાક્ય ઉપર બંધાયેલી હોવી જોઈએ. વળી ઈસવીસનના બીજા સૈકાથી તેરમાં સૈકા સુધીમાં ચંપા દેશમાં (હાલનો ચીન પાસેનો આનામ દેશ ) હિંદુઓએ વસવાટ કરી શૈવ ધર્મનું સ્થાપન કર્યું હતું એમ ડૉ. મજુમદારના **Ancient Indian Colonies Vol. I** ગ્રંથ વડે સાબિત થાય છે.

જૈનધર્મનું શાસન પણ સર્વદેશી અને વ્યાપક છે.

વેદધર્મ ત્રૈવર્ણિક પ્રજાને અર્થે જ છે, અને ઈતર પ્રજાને અર્થે નથી થતાં એવા આગ્રહતા પરિણામમાં આગમ ધર્મોનો ઉદય થયો છે. તે આગમો શિવના પાંચમાં ઊર્ધ્વ મુખથી પ્રકટ થયેલા માનવામાં આવે છે. જેવું ચાર વેદનું વિપુલ સાહિત્ય છે તેવું આગમોનું પણ વિશાલ સાહિત્ય છે. તે આગમોમાં પ્રાણી માત્રના સર્વસામાન્ય ધર્મોનું અને વિષ્ણુ અને શિવની ભક્તિ વડે ગમે તે મનુષ્ય ગમે તે જાતિનો હોય તો પણ તરી શકે છે એવું પ્રતિપાદન છે. વેદવાદની કર્મમીમાંસા વર્ણાશ્રમ ધર્મનો આગ્રહ કરનારી છે. પરંતુ વેદવાદની ઉત્તરમીમાંસામાં વિદ્યાના અધિકારમાં ઉદારભાવ સ્વીકારાયો જણાય છે.विधुराधिकरण માં એવો ન્યાયનિર્ણય થયો છે કે બ્રહ્મવિદ્યા વર્ણાશ્રમકર્મ જ ઉપકાર કરે છે એમ નથી પરંતુ સંવર્તાદિયોગીઓ આશ્રમકર્મનું જ પાલન ન કરતાં છતાં, બ્રહ્મવિદ્ થયા છે, અને તેવી જ રીતે અનાશ્રમી વિધુર તથા

વિધવાઓ મનુષ્ય જાતિને સમાનભાવે ઉપકારક થાય એવા જપ, ઉપવાસ, દેવતાઆરાધન વગેરે ઉપાયો વડે બ્રહ્મવિદ્યા મેળવવાની લાયકાત પ્રાપ્ત કરી શકે છે તેથી અનાશ્રમીઓનાં પણ કર્મો બ્રહ્મવિદ્યામાં પરંપરાએ ઉપકારક થાય છે. બ્રહ્મમીમાંસાના **अपशूद्राधिकरण** માં પણ વેદધર્મના સમુદ્ધારક શંકરાચાર્યે પણ એવો ન્યાયનિર્ણય કર્યો છે કે પૂર્વકૃત સંસ્કાર વડે વિદુર, ધર્મવ્યાધ, વગેરેને જ્ઞાનોત્પત્તિ થયેલી મહાભારતમાં વર્ણવી છે તેથી બ્રહ્મવિદ્યા શુદ્રોને મળતી નથી એ માનવું ભૂલભરેલું છે. જ્ઞાનનું ચોક્કસ ફલ છે, અને તે જ્યાં જણાય ત્યાં વિદ્યાની યોગ્યતાના સંસ્કાર છે, એવું અવશ્ય માનવું જોઈએ. વેદવાદી મીમાસંકો વેદ દ્વારા આ બ્રહ્મજ્ઞાન ન મળે એવું ભલે મર્યાદીકરણ કરે, પરંતુ ઈતિહાસ-પુરાણ દ્વારા તત્ત્વબોધ ગમે તે જાતિના મનુષ્યને ચિત્તનો શમાદિ અધિકાર હોય તો, મળી શકે છે.

આવા વ્યાપક હિન્દુ ધર્મના, બૌદ્ધધર્મના, અને જૈનધર્મના સંબંધમાં ગુજરાતની ભૂમિએ શો ઉપકાર કર્યો છે અને ગુજરાતી ભાષામાં કેવા ધર્મપ્રબોધનું સાહિત્ય ઊગી નીકળ્યું છે તે પ્રતિ નજર નાખવાનું પ્રાપ્ત થાય છે. સાધારણ લોકો એમ માની લે છે કે ગુજરાત પૈસો પ્રાપ્ત કરવાની જ કળા જાણે છે. ગુજરાતીમાં ધર્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનું સામર્થ્ય નથી. ઉત્તમ ધર્મજ્ઞો અને તત્ત્વજ્ઞો દક્ષિણ આમ્નાયના દક્ષિણાપંથમાં, અને ઉત્તરમ્નાયના ઉત્તરાપંથમાં પાક્યા છે. પૂર્વામ્નાય અને પશ્ચિમામ્નાય ઘણે ભાગે ધર્મ અને તત્ત્વજ્ઞાનના સાહિત્યમાં દરિદ્રી છે. આ આક્ષેપમાં કેટલુંક સત્ય સમાયેલું છે, પરંતુ આપણે તે આરોપ સર્વાંશ કબૂલ કરવા જેવો નથી. ઉપનિષદમાં કહ્યું છે કે જેમ ભૂમિની અંદર રહેલા નિધિ ઉપર આપણે રોજ ફરીએ તો પણ નિધિનું ભાન આપણને થતું નથી, તેમ રોજ પ્રાણી માત્ર સુષુપ્તિ સમયે બ્રહ્મ સંબંધમાં આવે છે છતાં બ્રહ્મ તેમને અદષ્ટ રહે છે. જેમ નિધિનું જ્ઞાન અને પ્રાપ્તિના ઉપાયો છે, તેમ બ્રહ્મવસ્તુને મેળવવાના પણ ઉપાયો છે. નિત્ય સંબંધવાળો પદાર્થ અંધારામાં રહે એ ઓછું શોચનીય નથી. ગુજરાતની ભૂમિમાં ધર્મજ્ઞો અને તત્ત્વો પાક્યા નથી એમ કહેનારને આપણે માનપૂર્વક ઉત્તર આપવાની જરૂર છે.

ગુજરાત દેશ પશ્ચિમામ્નાયમાં પડે છે. ભારતવર્ષમાં મહાભારત યુદ્ધ થયા પછી પ્રજાનો અને ધર્મનો વિપ્લવ થવાનો પ્રસંગ ઊભો થયો ત્યારે જે પરમેશ્વરે અવતાર ધારણ કરી ધર્મનો સમુદ્ધાર કર્યો એવા ભગવાન શ્રીકૃષ્ણના દિવ્યભાવ સંબંધમાં હિન્દુધર્મની કોઈ પણ શાખા, પ્રશાખા, સંપ્રદાય અથવા પંથને મતભેદ નથી. એકી અવાજે શૈવો , વૈષ્ણવો, શાક્તો, ગાણપત્યો વગેરે નિર્વિવાદપણે સ્વીકારે છે કે ભગવાન શ્રીકૃષ્ણ ઈશ્વરાવતારી હતા .આ ઈશ્વરાવતારી પુરુષની જન્મભૂમિનું માન ગોકુળ મથુરાંનો પ્રદેશ લઈ શકશે, તેમની પ્રૌઢ ઉત્તરાવસ્થાના જીવન વડે અને શુદ્ધ ભાગવત ધર્મના ઐકાન્તિક બોધ વડે ભારતવર્ષની ઉજ્જવલ ધર્મકીર્તિનો વિજયસ્તંભ તો ગુજરાતની દ્વારિકા નગરીમાં જ રોપાયેલો ગણાશે. વેદધર્મનો સમુદ્ધાર આ ઇશ્વરાવતારી "રણશૌંડ્ર" (ગુજરાતી માં"રણછોડ ") એટલે બળવાન યુદ્ધવીરે અને અદ્ભુત પ્રકારનાં દાન કરનાર દાનવીરે કર્યો છે.'મહાભારત' માં શ્રીકૃષ્ણના જન્મના નિમિત્તરૂપે એમ કહેવામાં આવ્યું છે કે દેવકીના પેટે ભગવાન અવતર્યા તે એવા હેતુથી કે ભૂમિ ઉપરના બ્રહ્મનું એટલે વેદજ્ઞાનનું રક્ષણ થઈ શકે. ભગવાન શ્રીકૃષ્ણની બંસીવાળા બાલગોપાલની મૂર્તિ વૃંદાવનને પ્રવિત્ર કર્યા કરશે, એમની યુવાવસ્થાની રસમયી મધુરમૂર્તિની રાસલીલા યમુના-પ્રદેશને અખૂટ ચમત્કાર આપ્યા કરશે, પરંતુ સમરાંગણમાં પાંચજન્ય શંખનાદ કરી સેનાનું પ્રોત્સાહન કરવાના અને યુદ્ધભૂમિમાંથી પલાયન કરી ક્ષાત્રધર્મમાંથી પાછા હઠતા અર્જુનને વ્યાપક ગીતાધર્મ નો ઉપદેશ કરવાના પરાક્રમના બીજકો તો દ્વારિકામાં જ પાર્થસારથિની મૂર્તિએ નાખ્યાં ગણાશે. કારણકે દ્વારિકામાં જ દુર્યોધને અને અર્જુને યુદ્ધના સાહાય્યની માગણી કરી હતી; અને પોતે શસ્ત્ર નહિ ધારણ કરવાનું વ્રત લઈ અર્જુનના રથનું સારથિપણું કરવાનું કબૂલ કરી સૂત્રધાર તરીકે ધર્મનો જય અને અધર્મનો પરાજય કરવાના નાટકનો પ્રથમાંક શ્રીકૃષ્ણચંદ્રે દ્વારિકામાં જ ભજવ્યો હતો. તે ભગવાને પોતાની દેહલીલાનું વિસર્જન પ્રભાસપાટણ આગળ જ કર્યું હતું. ધર્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો પ્રબોધ પણ પ્રભાસપાટણ આગળ જ છેવટનો થયો હતો. જેમની ભૌતિકજીવન દશામા **ભૌમબ્રહ્મ** ના રક્ષણના બીજનું રોપણ થયું અને તે બીજમાંથી મહાન ન્યગ્રોધવૃક્ષરૂપે હિન્દુધર્મ કલિયુગમાં વિસ્તાર પામ્યો તેવા કલિયુગના આદ્ય વેદધર્મપ્રવર્તક શ્રીકૃષ્ણની આવાસવાળી સૌરાષ્ટ્રભૂમિ, જ્યાં સુધી ગીતાની સ્મૃતિ

રહેશે ત્યાં સુધી તો ગુજરાતીઓને ધર્માભિમાનના કારણરૂપ જ્વલંત રહેશે. તેવી જ રીતે જૈનધર્મના તીર્થંકરોએ અનાદિ અંનત જૈનશાસનની પ્રતિષ્ઠા પવિત્ર પાલીતાણાના ક્ષેત્રમાં કરેલી છે.

વેદધર્મની સમયમર્યાદાના ઉવ્વટ-મહીધરાદી ભાષ્યકારો **आनंदपुरवास्तव्य** એટલે વડનગરના નિવાસી હતાં. આદ્ય શંકરાચાર્ય દક્ષિણ કેરલના કાલટી ક્ષેત્રમાં જન્મ્યા હતા. પરંતુ તેમણે બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ કરાવનાર સંન્યાસદીક્ષા, ઉભયતટપાવિની નર્મદા ઉપરના જ્ઞાનસિદ્ધ અને રસસિદ્ધ યોગીશ્વર શ્રી ગોવિંદભગવાન પાસે, ગુજરાતની ભૂમિમાં લીધી હતી. શંકરાચાર્યના સ્માર્ત સંપ્રદાયની પશ્ચિમામ્નાયની વિદ્યાપીઠ ઉપર જે પ્રથમાચાર્ય સ્થપાયા તે અનેક વિદ્યામાં નિપુણ વાર્તિક્કાર સુરેશ્વર હતાં. તેમણે દ્વારિકામાં પ્રથમ મઠામ્નાયની વ્યવસ્થા કરી હતી. તે જ વિદ્યાપીઠ ઉપર જનાર્દન સ્વામી ઉર્ફે આનંદજ્ઞાન શાંકરભાષ્યોના સમર્થ ટીકાકાર અને વૈશેષિક મતના ખંડનરૂપ **तत्त्वसंग्रह**ના કર્તા પણ દ્વારિકામાં થઈ ગયાં છે.

છ આસ્તિક દર્શનોમાં પરમાણુ કારણવાદની ભૂમિકા રચનાર આદ્ય વૈશેષિક શાસ્ત્રના દ્રષ્ટા ભગવાન કણાદ મુનિ પ્રભાસપાટણમાં જન્મયાં હતા એમ વાયુપુરાણ સાક્ષી પૂરે છે. લકુલીશ પાશુપતાચાર્ય જે ચોવીશમા શિવાવતાર મનાય છે એમની પાશુપત મતની પ્રણાલિકા ભૃગુક્ષેત્રના કાયારોહણ અથવા ડભોઈના કારવણ ગામ આગળ રચાઈ હતી. પાશુપત શાસ્ત્રના સંગ્રાહક અને પાશુપત દર્શનની **गणकारिका** ના અને **न्यायसार** ના કર્તા ભાસર્વજ્ઞ ગુજરાતમાં થયાંનો ઉલ્લેખ છે. સાંખ્યાચાર્ય વિંધ્યવાસી ગુજરાતની પ્રાન્ત ભૂમિ ઉપર આવી વસ્યા હતા. યોગશાસ્ત્રના રાજવાર્તિકના કર્તા અને શૈવસિદ્ધાન્તના **तत्त्वसंग्रह** નામના પ્રકરણના કર્તા ભોજદેવ પરમાર વંશના ગુજરાતી ભૂમિમાં થયાં હતાં. શ્રી સહજાનંદ સ્વામી અને આર્યસમાજના આદ્યસંસ્થાપક મહર્ષિ દયાનંદ ગુજરાતની ભૂમિમાં થયા છે.

બૌદ્ધ ધર્મની સમયમર્યાદા બૌદ્ધ મહાયાની ધર્માચાર્ય શાન્તિદેવ જેમણે તિબેટમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો હતો અને જેમના **बोधिचर्यावतार** અને **शिक्षासमुच्चय** ગ્રંથો અદ્યાપિ બૌદ્ધશાસનના પ્રમાણગ્રંન્થો મનાય છે તેઓ સૌરાષ્ટ્રના

રાજાના પુત્ર હતાં. જૈન ધર્મની સમયમર્યાદાના કલિકાલસર્વજ્ઞ બિરુદવાળા અને ગુજરાતમાં જૈનધર્મને રાજધર્મ બનાવનાર અનેક નિબંધના કર્તા, સંસ્કૃત ભાષામાં જેવા પાણિનિ તેવા પ્રાકૃત ભાષાના બીજા સમર્થ વૈયાકરણ હેમચંદ્રાચાર્ય ગુજરાતના ધંધુકાના વતની હતા. સિદ્ધરાજ જયસિહંના સમયમાં રત્નપ્રભસૂરિ **प्रमाणनय,तत्त्वलोककालंकार** અને **स्याद्‌वादरत्नाकरावतारिका** ના કર્તા પાટણમાં થયા હતા.

આ પ્રમાણે વેદ ધર્મના કલિયુગના આરંભના શ્રીકૃષ્ણ ભગવાન, સ્માર્ત ધર્મના સમુદ્ધારક શ્રી શંકરાચાર્ય અને શિષ્ય સુરેશ્વરાચાર્ય ઉવ્વટાદિ વેદભાષ્યકારો, પાશુપત ધર્મના કિલયુગના આદ્ય શિવાચાર્ય લકુલીશ અને તેમના અનુયાયી ભાસર્વજ્ઞ, વૈશેષિક દર્શનના આદ્યદ્રષ્ટા કણાદ મુનિ, સંખ્યાચાર્ય વિંધ્યવાસી. યોગવાર્તિકકાર, અને શૈવસિદ્ધાન્તના સ્થાપક ભોજદેવ, વૈષ્ણવ સંપ્રદાયના સુધારક શ્રી સહજાનંદ, અને એકેશ્વવાદી આર્ય સમાજના સ્થાપક મહર્ષિ દયાનંદજી વગેરે અનેક પ્રતાપી ધર્મ અને તત્ત્વજ્ઞાનના પ્રચારક મહાપુરુષો ગુજરાતની ભૂમિમાં પાક્યા છે. તેવી જ રીતે મહાયાન બૌદ્ધાચાર્ય શાન્તિદેવ અને જૈન શાસનના સમર્થ પ્રચારક હેમચંદ્રાચાર્ય ગુજરાતની ભૂમિમાં પાક્યા છે. આથી ત્રણે મોટા ધર્મોનાં ઉદયસ્થાનો ગુજરાતમાં છે, પણ આ ગુપ્તનિધિ ( Treasure Trove ) ખોદી જોવા પ્રયત્ન આપણે કર્યો નથી, અને તેથી ધર્મજ્ઞાનમાં અને તત્ત્વજ્ઞાનમાં આપણે ધનવાન છતાં દરિદ્રી ગણાયા છીએ.

જ્યારે બૌદ્ધ ધર્મનું રહસ્ય નીતિ અને કરુણામાં છે અને જ્યારે જૈન ધર્મનું રહસ્ય અહિંસા અને ચારિત્ર્યમાં છે ; ત્યારે કલિકાલના હિન્દુ ધર્મનું રહસ્ય જ્ઞાન અને ભક્તિમાં છે. હિન્દુ ધર્મમાં પરમાત્માની બે પ્રકારની ભાવના છે. એક ભાવના પરમાત્માને વિશ્વથી પર એટલે વિશ્વત્તીર્ણ માનનારી છે. બીજી ભાવના તે પરમાત્માને વિશ્વમય છે એવું માનનારી છે. જે ત્તત્વ વિશ્વથી પર છે તે જ ત્તત્વ વિશ્વમાં વ્યાપક રહી તેનું નિયમન કરે છે. આથી જે પરમાત્મા જ્ઞાને કરી સમજાય તેવો છે, તે જ પરમાત્મા ભક્તિએ કરીને અનુભવાય તેવો પણ છે. જે જ્ઞેય પરમેશ્વરના મન-વાણીથી અગોચર છતાં જીવને આત્મારૂપે ઓળખાય છે, તે જ પરમેશ્વર જીવની પરાભક્તિ વડે જગતમાં જ્યાં ત્યાં અનુંભવાય છે. પરમેશ્વરના જ્ઞેય સ્વરૂપને ઓળખવાનું જ્ઞાનશાસ્ત્ર છે, ત્યારે તેના ઉપાસ્ય

સ્વરૂપને મેળવવાનું ભક્તિશાસ્ત્ર છે. જ્ઞાનના પાયામાં જ્યારે તીવ્ર વૈરાગ્યની જરૂર છે, ત્યારે ભક્તિના પાયામાં તીવ્ર પ્રેમની જરૂર છે. ભક્તિના ઊંડો ભેદ સમજનાર ગુજરાતના આદ્યકવિ નરસિંહ મહેતા છે. પુરાણા ભાગવત સંપ્રદાયના લોપ પામતા દેહનું સંરક્ષણ જેમ મહારાષ્ટ્રમાં જ્ઞાનેશ્વર મહારાજે (૧૨૭૩-૧૨૯૫) કર્યું છે. તેમ ગુજરાતમાં નરસિંહ મહેતાએ કર્યું છે. બન્નેમાં જ્ઞાનમિશ્ર ભક્તિ છે. પરમેશ્વરના કૃષ્ણાવતારી રૂપને આલંબન રૂપે લઈ પ્રેમરસથી ભગવાનને કાવ્યશરીરમાં નરસિંહ મહેતાએ જાણે બીજો અવતાર આપ્યો છે. "હારમાળા" ના પ્રસંગમાં અમૂર્ત પરમેશ્વર મૂર્ત રૂપ ધારણ કરી ભક્તનો ટેક કેવી રીતે જાળવે છે તેની ઊંડી સમજ આપણને મળે છે. ગમે તે શરીરધારીના રૂપમાં પરમેશ્વર આવેશથી અવતરી ભક્તનાં કાર્યો સાધે છે, એ મર્મ નરસિંહ મહેતાના આખા જીવનમાં ઝળકે છે. જ્યારે સામાન્ય જનો તેને ચમત્કાર માને છે, ત્યારે ભક્ત પોતે તેને પ્રત્યક્ષ અનુભવ માને છે. તે જમાનાના મિથ્યા વૈરાગીઓના મિથ્યા ઘમંડને નરસિંહ મહેતાની દૃષ્ટિમાં ભક્તિના ત્રણ યોનિમાં ઊભા થયા જણાય છે. દિવ્ય યોનિમાં શંકર અથવા "ભોળા શંભુ," સિદ્ધ યોનિમાં શુકદેવજી, અને મનુષ્ય યોનિમાં ગોપીજન. આ ત્રણ યોનિના આકર્ષો માં તેણે ભક્તિને વૈચિત્ર્યવાળી જણાવી છે. શંકર ભગવાન દ્વારા તેમણે જ્ઞાનવૈરાગ્યની પાંખો ભક્તિને જરૂરની છે એમ જણાવ્યું છે, ચિત્તનો પરમ નિરોધ એ ભક્તિનો મધ્ય દેહ છે એમ શુકદેવજીના જીવન દ્વારા તેણે સમજાવ્યું છે, તેનો આત્મા હરિની "લગની" માં રહ્યો છે, એવું તે ગોપીજનના જીવન વડે સમજાવે છે.

**પ્રેમરસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક યોગી રે,**
**એક જાણે છે વ્રજની નારી, બીજો નરસૈયો ભોગી.**

❖ ❖ ❖

**સંસારવેવાર સર્વ સાચવીએ, વિકારથી વેગળા રહીએ રે,**
**સર્વ ભૂલ સમદષ્ટે પેખે, તેને વેરાગી કહીએ.**

નરસિંહ મહેતાની ભક્તિ સર્વાંગસુંદર છે. તે એકદેશી આવેશવાળી નથી, હારમાળાના છેલ્લા પદમાં સાચા ભક્ત અથવા "વૈષ્ણવજન"નાં ઉત્તમ લક્ષણોનું ચિત્ર નરસિંહ મહેતાએ આપણને આપ્યું છે :

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે.
પરદુઃખે ઉપકાર કરે ને, મન અભિમાન ન આણે રે.
સકળ લોકમાં સહુને વન્દે, નિંદા ન કરે કેની રે,
વાચ કાછ, ને નિશ્ચય રાખે, ધન્ય ધન્ય જનની તેની રે.
સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી,પરસ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.
મોહમાયા વ્યાપે નહિ તેને, દઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
વણલોભી ને કપટરહિત છે, કામક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈયો તેનું દર્શન થાતાં, કુળ ઈકોતેર તાર્યાં રે.

ધર્મજ્ઞાનનું રહસ્ય નરસિંહ મહેતા જાણે છે એટલું જ પણ તત્ત્વજ્ઞાનનો મર્મ પણ તે પોતાના અનુભવમાં ઉતારી શક્યા છે. નીચેનાં બે પદો તેની તત્ત્વજ્ઞાનની સાક્ષી પૂરે છે :

નીરખને ગગનને કોણ ઘૂમી રહ્યો, તે જ હું, તે જ હું શબ્દ બોલે;
શ્યામના ચરણમાં ઈચ્છું છું મરણ રે, અહીંયાં કોઈ નથી કૃષ્ણ તોલે.
શ્યામશોભા ઘણી, બુદ્ધિ ના કળી શકે, અનંત ઓચ્છવમાં પંથ ભૂલી;
જડને ચૈતન્ય રસ કરી જાણવો, પકડી પ્રેમે સંજીવનીમૂળી.
જળહળ જ્યોત ઉદ્યોત રવિ કોટમાં, હેમની કોર જ્યાં નીસરે તોલે;
સચ્ચિદાનંદ આનંદક્રીડા કરે, સોનાના પારણા માંહી ઝૂલે.
બત્તી વિણ,તેલ વિણ, સૂત્ર વિણ જો વળી, અચળ ઝળકે સદા અનંત દીવો; નેત્ર વિણ નિરખવો, રૂપ વિણ પરખવો, વણ જિહ્વાએ રસ સરસ પીવો.
અકળ અવિનાશીએ નવ જ જાએ કળ્યો, અરધ ઉરધની માંહે મ્હાલે; નરસૈયો સાચો સ્વામી સકળ વ્યાપી રહ્યો, પ્રેમના તંતમાં સંત ઝીલે.

❖ ❖ ❖

અખિલ બ્રહ્માડમાં એક તું શ્રીહરિ, જુજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.
પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઈ ફુલી રહ્યો આકાશે;

**વિવિધ રચનાકરી, અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એ જ આશે.**
**વેદ તો એમ વદે, શ્રુતિસ્મૃતિ શાખ દે, કનક કુંડળ વિશે ભેદ ન્હોયે;**
**ઘાટ ઘડીઆ પછી નામ રૂપ જૂજવાં, અંત્યે તો હેમનું હેમ હોયે.**
**ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી, જેહને જે ગમે તેહને પૂજે;**
**મન કર્મ વચનથી આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂઝે.**
**વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરે એ જ પાસે,**
**ભણે નરસૈયો એ, મન તણી શોધના, પ્રીત કરું પ્રેમશું પ્રકટ થાશે.''**

કર્યાં કર્મ કદી છૂટતાં નથી, અને મનુષ્ય કર્મપરવશ છે એવું સામાન્ય વેદાંતીઓએ અને કર્મવાદીઓએ મનાવ્યું છે,નરસિંહ મહેતાએ પોતાના ભક્તિસિદ્ધાંતમાં ઉરાડી દીધું છે :

**પ્રેમ નાં કર્મ જો હરિ ભજયે નવ ટળે, તો કહું કોણ તે કામ તે કરશે;**
**સત્ય સમજી કદી પરમપદ પરખશો, ભવભયભ્રમને તે જ હરશે.**

❖ ❖ ❖

**જીવ ઈશ્વર અને બ્રહ્મના ભેદમાં સત્ય વસ્તુ નહિ સદ્ય જડશે,**
**હું અને તું પણ તજીશ નરસૈયા તો, ગુરુ તને પાર પાડશે.''**

નરસિંહ મહેતાની બહોળી ધર્મભાવનાએ સર્વ પ્રાણીઓને પ્રભુપદમાં લઈ જવાનો માર્ગ ખુલ્લો કરી બંતાવ્યો :

**''વિષયી તાર્યા રે વિષયી, વિષયી તારતાં ન લાગી વાર,**
**પતિત હતા તે પાવન કીધા,ધરીને કૃષ્ણ અવતાર.**
**કોઈ કહેશે વિષયી કિયા તાર્યા, જેણે એ રસ ચાખ્યો રે,**
**મન કર્મ વચન મહેતાજીને અર્પી, નાથજીએ હૃદયમાં રાખ્યો.''**

નરસંહિ મહેતાનાં કાવ્યોમાં જેવી વિષ્ણુભક્તિ શુદ્ધ ધર્મના આદર્શરૂપે ઝળકે છે તેવી જ પ્રભુક્તિ મીરાંબાઇનાં (૧૪૦૩-૧૪૭૦) પદોમાં પણ તરવરે છે. ભક્તિરસની સરીતા નરસંહિ મહેતા અને મીરાંબાઈના વૈકુંઠવાસ પછી સુકાઇ ગઈ અને ઇ.સ. ૧૬ મા સૈકામાં આપણી દૃષ્ટિને ખેંચે તેવા ધર્મ - ભક્તિના કવિઓ અથવા લેખકો થયા જણાતા નથી. પરન્તુ શુદ્ધાદ્વૈત મતના સંસ્થાપક શ્રીમદ્ વલ્લાભાચાર્ય (ઈ.સ. ૧૪૭૯-૧૫૩૦) ના ધર્મપ્રસારણના પ્રભાવ વડે પ્રાચીન

ભાગવતમતની વાસુદેવભક્તિએ બાલકૃષ્ણની ભક્તિનું ,ભાગવત, પુરાણને અનુસરતું રૂપાંતર ધર્યું, અને શૃંગારમિશ્ર કૃષ્ણભક્તિથી પ્રજાનું મન વિશેષ રંગાયું. સામાન્ય જનો, વિદ્વજ્જનોની પેઠે સામાન્ય રતિ અને ઈશ્વરભક્તિનો વિવેક સમજી શકે નહિ, અને તેથી ઈશ્વરભક્તિનું વિકારી રૂપ પ્રજામાં દાખલ થવા પામ્યું. તેની શુદ્ધિ કરવાનું વ્રત અખાએ (૧૬૧૫-૧૬૭૫) લીધું. શુદ્ધ ભક્તિની છાંટવાળા વેદાંત જ્ઞાનના ભરપૂર ગ્રન્થો તેણે રચ્યા હતા. તેની હિન્દીભાષાની 'સંતપ્રિયા' અને 'બ્રહ્મલીલા' વડે અને ગુજરાતી ભાષાની (૧) પંચીકરણ, (૨) ચિત્તવિચારસંવાદ, (૩) ગુરુ શિષ્ય સંવાદ, (૪) અનુભવબિન્દુ, (૫) અખે ગીતા (૬) કૈવલ્યગીતા,(૭) છપ્પા, (૮) સોરઠા અથવા પરજિયા, વગેરે કૃતિઓ વડે ગુજરાતી ભાષામાં શુદ્ધ વેદાંતધર્મનું પ્રસારણ સામાન્ય પ્રજાને ઉપયોગી થાય તેવી રીતે થયું છે. અખાનું ધર્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાન લૌકિક કેળવણીથી પ્રાપ્ત થયું નહોતું, પરંતુ બ્રહ્માનંદ જેવા અનુભવી જ્ઞાનીથી અખંડ શ્રવણ કરેલા સાહિત્યથી સંસ્કાર પામેલી અને ગુરુપ્રસાદથી પોસાયેલી મતિ વડે ઉત્પન્ન થયેલું છે.[૫]

અખા પછી સંડેશ્વરના પ્રીતમે (૧૮૩૦) વેદાન્તજ્ઞાનનું સારસગીતા, જ્ઞાનક્કકો, ગુરુમહિમા, જ્ઞાનમાસ, ભક્તિપ્રકાશ, જ્ઞાનપ્રકાશ, ભગવદ્ગીતા, અધ્યાત્મ રામાયણ, જ્ઞાનગીતા, કૃષ્ણલીલા, વગેરે ગ્રન્થો વડે પ્રસારણ કર્યું હતું.

શિવાદ્વૈતવાદી રણછોડજી દીવાન (૧૭૬૮-૧૮૪૧)નો શિવરહસ્યનો વ્રજ ભાષામાં અનુવાદ, શિવગીતાનો અનુવાદ, વગેરે તેમના ઊંડા જ્ઞાનવૈરાગ્યના ભાવોને જણાવવા સમર્થ છે. ગુજરાતી પ્રજા રણછોડજી દીવાનને એક રાજયનીતિજ્ઞ અને ઈતિહાસકાર તરીકે જાણે છે. પરંતુ તેની ઊંડી ધર્મજ્ઞતાને ભાગ્યે જ જાણે છે. તેમણે સતીનો રિવાજ બંધ કરવામાં, અને બાળકીની થતી હત્યાના નિવારણમાં અંગ્રેજી રાજયને હિંમતથી મદદ કરી હતી. તેમનું હિંદી અને ફારસીનું જ્ઞાન એટલું તો વિશાલ અને ઊંડું હતું કે તેમના ધર્મગ્રન્થોમાં તે જ્ઞાનના સુંદર રંગો લાવવા સારી રીતે સમર્થ થયા છે. દીવાન રણછોડજીમાં કલમ, કડછી અને બરછી-એ ત્રણેની કુશળતા હતી. વૈષ્ણવ સંપ્રદાયની વિશુદ્ધિ કરનાર શ્રી સહજાનંદસ્વામીના પછી તેમના અનુયાયીઓ-બ્રહ્માનંદ, મુકતાનંદ, મંજુકેશાનંદ, દેવાનંદ વગેરે સાધુ જનોને ઉદ્ધવમતને અનુસરતાં જ્ઞાનવૈરાગ્યનાં પદો વડે વિરાગવાળી ભક્તિનું ચિત્ર પ્રજાજનમાં સારી રીતે ચીતરી

જાણ્યું છે.

ઉદ્ધવી સંપ્રદાયના સાહિત્યના સંચયના મુખ્ય બે ભાગ થઇ શકે : (૧) પંચવર્તમાન, (૨) એકાંતિક ભાગવત ધર્મ. પંચવર્તમાનમાં નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ, નિઃસ્નેહ તથા નિર્માન-એ પાંચ વર્તનો ; તથા એકાન્તિક ભાગવત ધર્મમાં-ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર અંગનો સમાવેશ થાય છે. દ્વિતિય વિભાગના અનેક પેટાવિભાગો થઇ શકે. સ્વામી બ્રહ્માનંદજીના સુમતિપ્રકાશ તથા વર્તમાન વિવેકગ્રંથમાં તથા સ્વામી શ્રી નિષ્કુલાનંદના ભક્તચિન્તામણિ ગ્રંથમાં આ સાંપ્રદાયિક ધર્મ તત્ત્વનું ચિંતન કાવ્યરીતિએ કર્યું છે.[૬]

વલ્લભ સંપ્રદાયને અનુસરતું ધર્મચિંતન કવિ દયારામે (૧૭૬૭-૧૮૫૨) કર્યું છે. તેમની ગરબીઓ જયારે કવિ દયારામની રસિકતાની સાખ પૂરે છે, ત્યારે તેમના પ્રકરણ ગ્રંથો-ભક્તિપોષણ,પ્રબોધબાવની, મનમતિસંવાદ, પ્રેમરસગીતા, રસિકવલ્લભ, અને પુષ્ટિપંથ રહસ્ય-તેમના ઊંડા સાંપ્રદાયિક ધર્મજ્ઞાનની ખાત્રી આપે છે. ભજનીય શ્રીકૃષ્ણનું સ્વરૂપ અને તેમના નિર્ગુણ અને સગુણ રૂપનું ચિંતન કરવામાં દયારામ કવિએ ધર્મની એક દેશી ભાવનાને વિભુ બનાવી દીધી છે. પૂર્ણ પુરુષોત્તમની તેમની નીચેની ભાવના દયારામને સાંપ્રદાયિક ભક્તને બદલે તાત્ત્વિક ભક્તરૂપે, આપણા આગળ રજૂ કરે છે :-

**નહિ કોઈ જેની સમોવડી, કોઈ ઈશ નહી જેને શીશ,**
**સર્વ વસ્તુ જે થકી થઈ, જે કોઈ કહાવે સર્વના અધીશ;**
**સર્વાધીશ, વંદે સહુ જેને, નિગમ નેતિ, કહે છે તેને ;**
**શેષ, મહેશ, વિધિથી અગમ્ય, તેને કહીએ પૂર્ણ પુરુષોત્તમ.**
**સેવો શ્રીકૃષ્ણ કૃપાલ.**

**શ્રી પુરુષોત્તમને પરહરી, જેનું અન્ય અમર મન મોહે,**
**(તે) કામદુઘા મળી મૂકીને, મહિષીપુત્રનું પય દોહે;**
**દોહે ગાય મુકી મૂઢ પાડો, તરસ્યો ગંગાતીરે ખોદે છે ખાડો,**
**તેમ પૂર્ણ ત્યજી અવર આરાધે, મહેનત માથે પડે કાંઈ ન લાધે.**
**સેવો શ્રીકૃષ્ણ કૃપાલ.''**

જગત એ હરિનું ઊગી નીકળેલું બાહ્યરૂપ છે એમ જણાવી હરિભજનમાં જગતનું પોષણ છે, અને જગતની નિંદા નથી એવી તાત્ત્વિક સમજણ દયારામભાઈ નીચેની કડીઓમાં આપે છે :-

**જગત વૃક્ષ તેનું મૂલ હરિ, મૂળ પોષે વૃક્ષ પોષાય.**
**પ્રતિશાખા જળ સિંચીએ, તેથી તરુ તૃપ્તિ ના થાય,**
**તૃપ્તિ ન થાય વૃથા શ્રમ પહોંચે, સમજણ આવે ત્યારે પછી શોચે;**
**મખદ્વારા સહુ ઈન્દ્રિય સંતોષે, ભોજન અંગ લેપ્યું કોઈને ન પોષે;**
**સેવો કૃષ્ણ કૃપાલ.**

હરિ એ મૂલ છે, અને જગત એ વૃક્ષ છે. હરિના ભજનવડે જગત તૃપ્ત થાય છે. વિશુદ્ધ બને છે. ઝાડના પાંદડાં અને શાખાઓને પાણી રેડવાથી ઝાડ પોષાતુ નથી એ ભાવનામાં ઈશ્વરનું અન્તર્યામીપણું દયારામભાઈ ને સુગમ રીતે સમજાયું છે. પરમેશ્વરરૂપી મૂલમાંથી ઊગી નીકળેલા સંસારવૃક્ષ સાથે ભક્તના વિચાર કેવા હોય છે તે બાબત દયારામભાઈ કહે છે કે :

**હરિ વ્યાપક લહી સર્વમાં, નવ આણવો કોઈનો દોષ;**
**મન, કર્મ, વચને જેમ બને, તેમ કરવો સર્વનો સંતોષ**
**સંતોષે પ્રાણી પ્રભુ પ્રસન્ન, તેથી સુખી પોષે હરિજન,**
**સઘળે દયા એ પૂજા હરિ કેરી, દેહીને દુભવે તે કૃષ્ણના વેરી.**
**સેવો શ્રીકૃષ્ણ કૃપાલ.**

જગતવૃક્ષના મૂલરૂપ હરિ સાથેનો ભક્તનો પ્રેમ સાહજિક હોય છે. હરિ સાથેની પ્રીતિ સાંસારિક પ્રાણી-પદાર્થોની પ્રીતિ કરતાં જુદા પ્રકારની છે. સાંસારિક પ્રીતિ, રૂપ, ગુણ અને દ્રવ્યના નિમિત્તે કરી બંધાય છે, અને તેથી વિકારી પ્રીતિ છે. હરિપ્રતિનો પ્રેમ આવા નિમિત્તને લઈને નથી પણ સહજ સ્નેહરૂપે હોય છે. આ સહજ

સ્નેહનું બીજ ચાર શાખામાં ફેલાય છે :- (૧) પ્રેમ, (૨) આસક્તિ, (૩) વ્યસન, (૪) તન્મયતા. આ ચારનાં લક્ષણો કવિ દયારામ નીચેની કડીઓમાં આપે છે.

**કહીએ પ્રેમનું લક્ષણ એક, જ્યારે મળે ત્યારે તેનો તે સ્નેહ ;**
**વિયોગ થાયે ત્યારે તપે તન, ત્યાંહાં ત્યાંહાં વળગ્યું રહે મન.**
**એક વાર આખા દિવસમાં (પણ) મળ્યા વિના નવ રહેવાય,**
**જો ના મળે તો વિકળ થાય, એ તો આસક્તિ કહેવાય.**
**કહેવાયે વ્યસન આવું જ્યારે થાય, સામા સામી હૃદય વીંધાય,**
**તન્મયતા તો મૃત્યુ સમાન, આ ચારે આવે આપે હરિદાન.**

વૈદિક વર્ણાશ્રમાચાર કરતાં હરિભક્તિ ચડિયાતું સાધન છે, કારણકે તેમાં જાતિ, કુલ, ગુણ ઈત્યાદિ લૌકિક ભેદ ઉપર બંધાયેલા ધર્મનાં સાધનોની જરૂર પડતી નથી, પણ સર્વ પ્રાણીના ઉદ્ધારનું હરિભક્તિ સાધન છે. ધર્મની આ ઉદાર ભાવનાએ દયારામને ભક્તિમાર્ગના ઉત્તમ અનુભવીની મુદ્રા આપી છે. નીચેની કડીઓ તેમની ઉદાર ધર્મભાવના સાબિત કરવા બસ થશે.

**જાતિ જુઓ તો આહીરની, તેમાં અબળાં અધમ અવતાર;**
**એ વેદાદિ ન્હોતી ભણી, ન્હોતો ઉત્તમ કર્મ અધિકાર.**
**અધિકાર વણ એક પ્રેમ પ્રતાપ, કર્યા આધીન શ્રીકૃષ્ણજી આપ;**
**તે ગોપીની પદરજ વંદે ઈશ, પ્રેમ લક્ષણા તે સૌને શીશ.**
**સેવા સંગત હરિ ભક્તની, કરે પ્રેમ ભક્તિ ઉત્પન્ન;**
**તે કરે કૃતારથ એકલી, નવ જોઈએ કોઈ સાધન.**
**જોઈએ ન વય, વિદ્યા,વિત્ત, વર્ણ, રૂપ, પરાક્રમ. પવિત્રાચરણ;**
**કહેશો જોયાં નથી કહો કીયે ઠામ, તો સુણો પ્રગટ બતાવું નામ.**
**ધ્રુવજીને ક્યાં વય હતું, ક્યાં હતું સુદામાને ધન;**
**કુબ્જાને હતું રૂપ કયહાં, ઉગ્રસેનને શું પુરુષાતન.**
**પુરુષાતન નહોતું ઉગ્રરાય, ગજને ક્યાં હતી વિદ્યાય ;**

**પારધીમાં ક્યાંથી શુભ આચરણ, કેવળ ભક્તિ પામ્યા ગિરિ ધર્ણ.**
**સેવો શ્રીકૃષ્ણ કૃપાલ.**

હરિભક્તિથી સંસ્કાર પામેલા ભક્તને માયાનો મોહ લાગતો નથી; હરિભક્ત નિર્ભય હોય છે ; કેવળ જ્ઞાની માયાના ભયમાં આવી પડે છે. દયારામભાઈ માર્મિક ભાષામાં ભક્તિની સરસાઇ બતાવતાં કહે છે કે :

**ભક્ત તે ભક્તિ સ્વરૂપ છે, તેને માયો નથી રે લેશ;**
**સ્ત્રી થકી સ્ત્રી મોહાય નહિ, મોહ પામે પુરુષને વેશ.**
**પુરુષ જ્ઞાન વૈરાગ્ય ને યોગ, તેને પીડે અજા રૂપીઓ રોગ ;**
**તે કારણ ભ્રષ્ટ થાય છે તેહ, ભક્તને અચળ હરિશું સ્નેહ.**

વળી યોગી માત્ર પોતાના આત્માનો જ ઉદ્ધાર કરી શકે છે, હરિજન સૌનું કલ્યાણ કરે છે :

**યોગી રહે સદા એકલો, હરિ જન તારે સૌ સંગી ;**
**સિદ્ધ ઉદાસી રહે સદા, હોય સંત સુંદર રસ રંગી.**
**રંગે રસિક સેવે ગુણ ગાય, પોતે પીએ સુધા સામાને પાય.**
**ભક્ત સ્નેહી સૌનું સારે કામ, ધ્યાની સારે કોઈનો નહિ ઠામ.**

આ યોગી અને હરિભક્તના સ્વરૂપમાં જે રહસ્ય હિન્દુ ધર્મમાં સમજાયું છે, તેવું જ રહસ્ય બૌદ્ધ ધર્મના હીનયાનની અર્હંતની અને મહાયાનની બોધિસત્વની ભાવનામાં સમજાવવામાં આવ્યું છે.

સહજશક્તિ જેમનામાં જાગી છે તેઓ સ્વભાવથી જ નિષ્કામ કર્મયોગી હોય છે ; અને જગતને સર્વદા નિર્દોષરૂપે ઓળખી શકે છે.

**કાંઈ પ્રભુ પાસે ન માગીએ, માગ્યે પસ્તાવો થાય;**
**ઉદાસી આવે નાથને,વ્યાપાર સરીખું જણાય.**
**જણાય એવું માટે રખે જાચો, સેવો શ્રીકૃષ્ણ ધરી સ્નેહ સાચો;**

**વણમાગ્યે સૌ આપે સ્વામી, નથી અજાણ્યા અંતરજામી.**
**જગત દર્પણ જોનાર તું , સામું દીસે જેવું તુજ પાસે;**
**કષ્ટને કષ્ટ, સાધુને સાધુ, ભવ આદર્શમાં ભાસે.**
**ભાસે તે સહુ નિજમાં છે જાણો, દોષરહિત દુનિયા પરમાણો;**
**એવે વિવેકે જો રહેવાય, રાગદ્વેષ નહિ કો થકી થાય.**

કવિ દયારામના વૈકુંઠવાસ પછી ગુજરાતમાં અંગ્રેજી કેળવણીનો પ્રવેશ થયો. તે પ્રવેશને લીધે આપણી સમાજની સંસ્કૃતની બે શાખાઓ થઈ : (૧) પ્રાચીન વૈદિક ધર્મ અને ઈતિહાસ પુરાણને વળગી રહેનારી અને (૨) પશ્ચિમ સંસ્કૃતિ વડે સમાજને સુધારવાના વળ વાળી, પરંતુ એકેશ્વરવાદના સિદ્ધાંતને દઢ વળગી રહેનારી. બન્ને શાખામાં ધર્મનો રસ વહેતો હતો ; પણ તેની વાહક નાડીઓની રચનામાં ફેર હતો. સનાતન શાખાના વિચારકો મૂલ વહેણ જ્યાં જ્યાં અજ્ઞાન અને વહેમની શિલાઓથી ખંડિત થયું હતું. તેને સુધારવા અને ધર્મપ્રવાહ મૂલ પ્રણાલિકાએ વહે એવી ઇચ્છાવાળો હતો, બીજી શાખા એવું માનતી કે મૂલ વહેણ એવું તો ઝાડી અને જંગલમાં દટાઇ ગયું છે કે તેને શોધી સાફ કરવાની મિથ્યા મહેનત કરવા કરતાં ઉપનિષદોમાં સમાયેલા શુદ્ધ સગુણ બ્રહ્મવાદને, સમાજના નવા બંધારણમાં, નવી નહેરમાં ચાલુ કરવો, અને શાસ્ત્રના વાક્યોમાં સ્વચ્છંદ વિહાર કરવા દેવી.બંને શાખામાં ખરી રીતે આસ્તિકતા હતી,પણ જૂના સંપ્રદાયવાળા નવી શાખામાં નાસ્તિકતા દેખતા; અને નવી શાખાવાળા જૂના સંપ્રદાયવાળાને વહેમી ગણતા. પુરાણ ધર્મવાદી અને નવા ધર્મવાદીના વિચારો અને આચારોની અથડામણો ભારે થઈ હતી, બંને પક્ષના હિમાયતીઓ આરંભમાં આવેશમાં આવી સદ્અસદ્વિવેકને અને તુલનાશક્તિને ખોઈ બેઠા હતા.

આવા આવેશના વાતાવરણમાં આપણા ગુજરાતી સાહિત્યના પ્રાણપ્રદ બે કવિઓ થઈ ગયાં. એક કવિ દલપતરામ (૧૮૨૦ થી ૧૮૯૮) અને બીજા કવિ નર્મદાશંકર (૧૮૩૩ થી ૧૮૮૬). કવિ દલપતરામનો મધ્યમ માર્ગ, કવિ નર્મદાશંકરનો ઉદ્દામ માર્ગ. બંને કવિઓએ નીતિતત્ત્વનું ચિંતન સારી રીતે કર્યું હતું. કવિ દલપતરામે નીતિધર્મનો આદર્શ તરતો રાખ્યો, કવિ નર્મદાશંકરે પ્રેમશૌર્યનો આદેશ આગળ ધર્યો. કવિ નર્મદાશંકરની ઉદ્દામ વૃતિએ જે ઉચ્છેદક

ભાવનાને પોષણ આપ્યું હતું તે તેમની ઉત્તર અવસ્થાના ચિત્તના પરિવર્તનથી સંરક્ષક ભાવનાના રૂપમાં પલટાઇ ગઇ, અને જે સુધારક કવિ જૂની પ્રણાલિકાને નિંદતા હતા તે ઉત્તર અવસ્થામાં સમજણવાળા સનાતની થઇ ગયા !

આ બંને ખરી રીતે ઉત્તમ કવિઓ હતા, પરંતુ ધર્મ તથા નીતિના સંબંધમાં તેઓ મુખ્ય વિચારક નહોતા. ધર્મ અને નીતિના સાહિત્યમાં તેમનો ઉપકાર કાવ્ય દ્વારા થયો છે. પ્રત્યક્ષ ઉપકાર તેમનો નથી.

ધર્મ નીતિના સનાતન અને નવીન આદર્શો રજૂ કરનારી બે અવાંતર શાખાઓ ગુજરાતમાં ૧૯ મી સદીમાં થઇ છે. એક અંગ્રેજી કેળવણીના યોગવાળી પરંતુ યુનિવર્સિટીના શિક્ષણસંસ્કાર વિનાની. બીજી યુનિવર્સિટીના શિક્ષણસંસ્કારવાળી. પહેલી શાખાના પ્રવર્તક રા. બા. ભોળાનાથ સારાભાઇ (૧૮૨૩ થી ૧૮૮૬ ) અને બીજી શાખાના પ્રવર્તક બ્રહ્મનિષ્ઠ મણિલાલ નભુભાઇ (૧૮૫૮ થી ૧૮૯૮ ). રા. બા. ભોળાનાથ સારાભાઇ પૂર્વાવસ્થાના સનાતની મૂર્તિપૂજક શૈવ, ઉત્તર અવસ્થાના અમૂર્ત ઇશ્વરવાદી ભક્ત થયાં.પંડિત મણિલાલ નભુભાઇ અમૂર્ત બ્રહ્મવાદી છતાં મૂર્ત ઇશ્વરવાદીના સંરક્ષણ અને અમૃતબ્રહ્મના જ્ઞાન સાથે મૂર્ત ઇશ્વરની ભક્તિનો સમન્વય કરનાર તત્ત્વચિંતક.

રા. બા. ભોળાનાથભાઇની ઇશ્વરભક્તિ તેમની ઇશ્વરપ્રાર્થનામાળા, ઇશ્વરોપાસના, દિંડી અભંગમાં એવી તો મધુર અને મોહક ભાષામાં છે કે સિધ્ધાન્તમાં ભેદવાળા સનાતની મૂર્તિપૂજકો પણ પરમેશ્વરની પ્રાર્થનામાં તેમનાં કાવ્યોનો ઉપયોગ કરી શકે છે. રા.બા. નવલરામભાઇ કહે છે તેમ "પ્રૌઢ ભાષા પણ અનુભવી વિદ્વાન ગૃહસ્થથી લખાયેલી હોય છે તો તે સાધારણથી કાંઇ સમજાતી નથી. પ્રૌઢ ભાષા સાધારણ લોકોને અપ્રિય કે અગ્રાહ્ય નથી. તેનું પ્રત્યક્ષ ઉદાહરણ ભોળાનાથભાઇની પ્રાર્થનામાળા છે... જો કે પુસ્તક, સંસ્કૃત શબ્દોથી ભરપૂર છે. ફારસી, અરબી શબ્દો તો ઘણું કરીને આખા પુસ્તકમાં એકે શોધ્યો પણ જડશે નહિ, અને અપભ્રંશ શબ્દો પણ ન ચાલે જ વાપરેલા દેખાય છે, તો પણ ભાષાની બાબતમાં સર્વમાન્ય થઇ પડયું છે; અને જૂની કેળવણીના માણસો પણ હોંસે હોંસે વાંચે છે."

રા. બા. ભોળાનાથભાઇની ઘણી ઊંડી ધર્મનિષ્ઠા હતી. તે નિષ્ઠાનું શુદ્ધ પ્રતિબિમ્બ તેમનાં પદ્યોમાં તરવરે છે, એટલું જ નહીં પણ તેમના ગદ્યમાં તો સ્થિર

થઇ ગયેલું જણાય છે. " ધર્મનિષ્ઠા થકી સમાધાન " એ લેખમાંથી ઉતારેલો નીચેનો અંશ ગુજરાતી ભાષા ઉપરનું તેમનું અદ્‌ભૂત પ્રભુત્વ દર્શાવવા બસ છે.

" ધર્મનિષ્ઠાની આટલી બધી પ્રશંસા કરી છે તે વાજબી છે કિંવા શી રીતે તેનો આપણે વિચાર કરીએ, ને તે સ્પષ્ટ જણાઇ આવે માટે. સંકટ સમયે ધર્મનિષ્ઠ તથા સદાચારી માણસ અને તેથી ઊલટા દુરાચારી માણસના મનની સ્થિતિની તુલના કરીએ. સંકટ સમયે ધર્મનિષ્ઠ માણસને સમાધાન એટલા ઉપરથી થાય છે કે તેમનું પાછલું આચરણ શુદ્ધ થતાં દોષરહિત હતું, એવો તેના મનમાં વિચાર ઉત્પન્ન થઇને તે શાન્ત રહે છે; પરંતુ તેથી વિપરીત માણસોનો જુદો જ પ્રકાર થાય છે પોતાના પૂરા દોરના વખતમાં, વૈભવના મદમાં, તથા સંપત્તિથી થનારા સૌખ્યાનંદમાં બૂડેલા હોય છે, તેથી અંતર્દીપના સૌમ્ય ઉપદેશ તરફ તેટલા લક્ષ આપતા નથી. કામધંધામાં ચકચૂર અથવા એશઆરામમાં ભરપૂર ડૂબી ગયેલા હોવાથી ગંભીર વિચાર અને અંતર્જ્યોતિનો અંતઃકરણમાં બોધ મળી શકતો નથી."

આ ઉતારો ખરી રીતે અંગ્રેજી ઉપદેશ (Sermon) નું ભાષાન્તર છે, પણ ન જાણનારને તો તે પ્રૌઢ ગુજરાતીનો ઉત્તમ નમૂનો જણાયા વિના નહિ રહે.

બ્રાહ્મ સમાજ-પ્રાર્થના સમાજ વચ્ચે પરસ્પર ઉપકારક સંબંધ છે, તો પણ નિરાકાર પરમેશ્વરમાં શ્રદ્ધા-ભક્તિ સંબંધમાં, અને સદાચારના પાલનમાં, એ બે સમાજની ધર્મપ્રણાલિકામાં ઐકમત્ય છે. રા. બા. ભોળાનાથભાઇની ચિત્તની ઊંડી ધર્મનિષ્ઠાનાં ઘડનારાં નિમિત્તો ચાર હતાં : (૧) પરમેશ્વર ઉપર સપ્રેમ ભક્તિ અને શ્રદ્ધા,(૨) પાપભીરુતા, (૩) મનુષ્યમાત્ર તરફ ભ્રાતૃભાવ, અને (૪) ઉદારતા અને દેશકલ્યાણની સોત્સાહ ઇચ્છા.

નિરાકાર પણ સગુણ એકેશ્વરવાદના સિદ્ધાન્તોની સમજણ જેવી રીતે રા. બા. ભોળાનાથભાઇ એ ગુજરાતી પ્રજાને અનુભવ બળથી આપી છે, તેવી રીતે નિર્ગુણ-નિરાકાર બ્રહ્મવાદના સિદ્ધાંતની સમજણ અને તેની સગુણ-સાકાર ઇશ્વરવાદના સિદ્ધાંતવાળા ભક્તિયોગ સાથેની એકવાક્યતાની સમજણ બ્રહ્મનિષ્ઠ મણિલાલભાઇએ પણ અભેદમાર્ગના અનુભવબળથી આપી છે. બ્રહ્મનિષ્ઠ મણિલાલભાઇમાં ધર્મનિષ્ઠા ઉપરાંત તત્ત્વનિષ્ઠા બલવતી હતી. ગુજરાતી ભાષામાં તત્ત્વજ્ઞાનના સાહિત્યનો મૂલ પાયો નાખવાનું માન બ્રહ્મનિષ્ઠ મણિલાલભાઇને જ

મળ્યું છે. જ્યારે ગુજરાતી ભાષામાં પ્રાચીન કાવ્યોનું સાહિત્ય વાસુદેવ અથવા કૃષ્ણની મૂર્તભાવની ભક્તિમાં પરિસમાપ્ત થઇ અટક્યું હતું; જ્યારે પ્રાર્થનાસમાજે અમૂર્ત ભાવની ઇશ્વરભક્તિને વેદને પરવશ બનાવી હતી, ત્યારે સર્વ દર્શનના અભ્યાસથી થયેલી પરિપકવ બુદ્ધિ વડે બ્રહ્મનિષ્ઠ મણિલાલે વેદના ધર્મ અને બ્રહ્મ એ બે પદાર્થોની એકવાક્યતા કરી હતી. બ્રહ્મનિષ્ઠ મણિલાલ 'પ્રિયવંદા' અને 'સુદર્શન' માસિક દ્વારા તથા અનેક સ્વતંત્ર નિબંધો દ્વારા વેદાન્ત-દર્શનના ધાર્મિક અને તાત્ત્વિક જ્ઞાનનો પ્રવાહ ધારાબંધ ચલાવી ગુજરાતમાં નવું ધર્મબલ પ્રકટ કર્યું હતું. અદ્વૈતદર્શનના તેમના નીચેના ગ્રંથો ધર્મજ્ઞાનના નવા કીર્તિસ્તંભો છે :

રાજયોગ, મોનીઝમં ઑફ અદ્વૈતિઝમ, જીવન્મુક્તિવિવેક, સિદ્ધાન્તસાર, પંચશતી ( 'ઇમીટેશન ઑફ શંકર ') નું ગુજરાતીમાં ભાષાંતર, આત્મનિમજ્જન (પ્રેમજીવન અને અભેદોર્મિ), વૃતિપ્રભાકર, માંડૂક્ય ઉપનિષદ.

બ્રહ્મનિષ્ઠ મણિલાલના કાવ્ય, અલંકાર, નાટક, જૈનદર્શન, યોગદર્શન, અને ન્યાયશાસ્ત્રને લગતાગ્રંથો તેમની પ્રખર વિદ્વત્તાના નમૂના જ છે. ટૂંકામાં દાર્શનિક સાહિત્યનો ગુજરાતીમાં જન્મ બ્ર. મણિલાલથી થયો એમ કહેવામાં અત્યુક્તિ નથી.

મણિલાલના 'સુદર્શન' ના બ્રહ્મવાદની સામે ટક્કર ઝીલનાર 'જ્ઞાનસુધા' નો એકેશ્વરવાદ હતો. મણિલાલના જ્ઞાન-વૈરાગ્ય ઉપરનો ટકોર અને 'જ્ઞાનસુધા' નો નીતિ-ભક્તિ ઉપરનો ટકોર તત્ત્વાવભાસીને મધ્યમ માર્ગનું શીખવવા બસ હતો.

કહેવાતી અદ્વૈતમસ્તીમાં નીતિનું શિથિલપણું અને ભક્તિની એકદેશી તાણમાં બુદ્ધિનું ડૂબી જવું - એ બે અતિશયોનો સમયાનુસાર અટકાવ કરનારી બે વ્યક્તિઓ ગુજરાતમાં પેદા થઇ હતી : (૧) મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી, અને (૨) ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી. (૧૮૫૫-૧૯૦૭)

મનઃસુખરામભાઇના લેખો કૃત્રિમ સંસ્કૃત શબ્દોથી ભરેલા હોવાથી લોકભોગ્ય થયાં નથી, પરંતુ તેમાં રહેલા વિચારના ગાંભીર્યને લઇને વિદ્વદ્‌ભોગ્ય થઇ શક્યા છે. મનઃસુખરામભાઇના આરંભના લેખો બહુ કિલષ્ટ ન હતાં. '' ધર્મ અને ભરત ખંડની આધુનિક સ્થિતિ''- એ નિબંધ પ્રમાણમાં સરલ ભાષામાં લખાયો છે. મનુષ્ય પ્રાણીમાં ઇન્દ્રિયપ્રાપ્ત જ્ઞાન અને બુદ્ધિપ્રાપ્ત જ્ઞાનની શક્તિઓ સ્વભાવથી જ હોય છે. ઇન્દ્રિયપ્રાપ્ત જ્ઞાનશક્તિને ભાસના કહીએ તો બુદ્ધિપ્રાપ્ત જ્ઞાનશક્તિને

ભાવના કહીએ. પરંતુ આ બે શક્તિઓથી જુદી એક અન્તઃકરણની શક્તિ છે, જેને મનઃસુખરામ ધર્મવાસના કહે છે. “ અદૃશ્ય પરમેશ્વરને જાણવા સારુ જે અન્તઃકરણની શક્તિ સમર્થ થાય છે તે ભાસના અને ભાવના શક્તિથી જુદી છે. તે પણ મનુષ્ય જાતિમાં બહુ રૂપે રહેલી છે, એમ વિચાર કરતાં જણાય છે. તે મૂલ શક્તિનું ધર્મવાસના શક્તિ અથવા શ્રદ્ધા કહીએ તો નિર્વાહ થાય છે તેમ છે. હવે જેમ બુદ્ધિબીજ મનુષ્ય માત્રામાં સહજ (સાથે ઉત્પન્ન થયેલું) છે, તેમ ધર્મવાસના શક્તિ અથવા શ્રદ્ધાબીજ પણ સહજ છે. બુદ્ધિનો પ્રકાશ કેટલાક પ્રસંગ અને સાધનથી થાય છે,તેમ શ્રદ્ધાનો પ્રકાશ પણ થાય છે. બુદ્ધિને ઇન્દ્રિય સહાયકારી થઇ પડે છે, તેમ શ્રદ્ધાને ઇન્દ્રિય અને બુદ્ધિ બન્ને સહાયકારી થાય છે. મનુષ્યે માત્ર સાવચેતી એટલી જ રાખવાની કે બુદ્ધિબીજ કોઇ ઇન્દ્રિયોના વિષયથી કોહી જાય અથવા શેકાઇ જાય અથવા ઊગતાં ઊગતાં જ તેને પુષ્ટિકારક પોષણ ન મળેથી ઠીંગરાઇ જાય કે નાશકારક સંયોગ થયેથી નાશ પામે તેમ ન થવા દેવું જોઇએ. વાસનાશક્તિના સંબંધમાં પણ એ જ સાવચેતી રાખવાની અગત્ય છે, કે વિષયોથી ઇન્દ્રિયો અને કુતર્કથી બુદ્રિ તેને ડાબી નાંખે કે ફાડી નાંખે તેમ ન થવા દેવું જોઇએ.

ભાસના, ભાવના, અને વાસના, એ ત્રણ શક્તિઓ મૂળમાં ઇશ્વરદત્ત હોય એમ વધારે સંભવે છે.

❖ ❖ ❖

મૂલ વાચાશક્તિ જેવી ધર્મવાસના એક છે, અને સ્વર વ્યંજન જેવી તેની મુખ્ય વ્યક્તિ પણ એક જ છે. ભેદ પડે છે તે પાછળના રૂપાન્તરમાં છે. એમ ધર્મવાસના અને તેની મૂલ વ્યક્તિ એ મનુષ્ય માત્રની એક દેખાય છે. એટલા સુધીનો ધર્મ કહીએ તો તે સર્વનો એક જ છે. જે ભેદ દેખાય છે તે ધર્મમાર્ગમાં છે, માટે વિચારવાન મનુષ્યોએ ધર્મ જુદો છે એમ ન સમજવું જોઇએ, પણ માર્ગ જુદો છે એમ કહેવું જોઇએ. એટલા જ સારુ ક્રિશ્ચન, મુસલમાન, કે પારસી, આદિ કોઇની વાત કરતાં તે અન્યધર્મી છે એમ નહિ પણ અન્યમાર્ગી છે એમ કહી વ્યવહાર કરવો એ યોગ્ય છે.’’

ઉપરના ધર્મતત્ત્વના વિવેચનમાં મનઃસુખરામભાઇની ભાષા સરલ અને સંસ્કારી છે, અને તેવી ભાષાને તેમણે ચાલુ રાખી હોત તો નવલરામભાઇના

"સંસ્કૃતમય ગુજરાતી" એ લેખમાં સમાયેલા આક્ષેપના ભોગ તેઓ ન થયા હોત.

શ્રી ગોવર્ધનરામનું ધાર્મિક ચિંતન વધારે તપોમય હતું. તેમના ચિંતનમાં બુદ્ધિ અને શ્રદ્ધાને સમાન સ્થાન હતું. શંકરાચાર્યના વચન માત્રમાં જે મનઃસુખરામની શ્રદ્ધા હતી, તેના કરતાં બહોળી અથવા પ્રૌઢ શ્રદ્ધા શ્રી ગોવર્ધનભાઇને સર્વ ધર્મજ્ઞોના વચનમાં હતી. ગોવર્ધનભાઇનું ધર્મનું અધ્યયન એકેદેશી ન હતું, પણ અનેકદેશી હતું. તેમના ધાર્મિક વિચારોમાં વૈષ્ણવ, શૈવ, વેદાન્ત અને બૌદ્ધ, ખ્રિસ્તિ વગેરે અનેક સંપ્રદાયોના સિદ્ધાન્તોનો સાર પેઠેલો જણાય છે, અને વ્યવહારધર્મ અને પરમાર્થધર્મની જીવનમાં એકવાક્યતા કરવાનો તેમનો ખાસ ઉદ્દેશ જણાય છે. 'સરસ્વતીચન્દ્ર' ના ઉત્તર ભાગોમાં ગોવર્ધનરામે આપણા ધર્મની એકેદેશી સુધારણા કરવાને બદલે સર્વદેશી કરવાના પ્રસંગો ચીતર્યા છે.

બ્રહ્મનિષ્ઠ મણિલાલભાઇએ પાશ્ચાત્ય વિદ્યાના સંસ્કારવાળાને અનાસ્થામાંથી અટકાવી આપણા ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય તેવું અદ્વૈત માર્ગનું સાહિત્ય ગુજરાતીમાં ઉપજાવ્યું. પરંતુ વ્યાવહારિક નીતિધર્મનું શૈથિલ્ય અટકાવવામાં તેમના પ્રયત્ન સર્વાંશે ચરિતાર્થ ન થયાં. અદ્વૈત માર્ગની મસ્તીમાં ચઢેલાં અન્તઃકરણોને કંઇક અંકુશમાં સ્થાપે અને વ્યવહાર અને પરમાર્થ ધર્મની એકવાક્યતા થાય એવાં સાધનોની યોજના કરવાનો પ્રશસ્ત પ્રયત્ન વડોદરમાં શ્રેયઃસાધક અધિકારી વર્ગના આચાર્ય શ્રીમન્નૃસિંહાચાર્યે (ઇ.સ. ૧૮૫૪-૧૮૯૭) કર્યો હતો. આ મહાપુરુષોનું ઐહિક જીવન એટલું તો આકર્ષક હતું કે તેમના સંબંધમાં આવનાર નાનામોટા સર્વ તેમના સિદ્ધાન્તોની પ્રીતિથી સાંભળતા અને વિચારની કસોટીએ ચઢાવતાં હતાં. તેમણે હિન્દુ ધર્મનું સ્વરૂપ વ્યાપક રીતે સમજાવ્યું છે, અને સાંપ્રદાયિક પદ્ધતિમાં ગૂચવી નાખ્યું નથી. આ કારણથી શ્રેયઃસાધક અધિકારી વર્ગનું ધાર્મિક અને તત્ત્વજ્ઞાનનું સાહિત્ય સર્વતંત્રસ્વતંત્રરૂપે ગુજરાતીમાં ઉત્પન્ન થયું છે. સંસારસુધારો આ વર્ગના આદ્ય સંસ્થાપકને ઈષ્ટ હતો, અને તે વિના ધર્મશુદ્ધિ પ્રજાજીવનમાં આવતી નથી એમ તેઓ સારી રીતે કહેતા હતા. પરંતુ સંસારસુધારણાની રીતિ સ્વ. મહિપતરામભાઇ વગેરે સુધારકોની રીતિ કરતાં જૂદી હતી. પ્રાચીન રીતરિવાજો ધર્મ નામે પ્રચલિત છે, તેનો એકદમ ઉચ્છેદ કરવાથી, અને તેને સ્થાને બીજી પદ્ધતિ એકદમ દાખલ થવાથી પ્રજાનું ચિત્ત અવ્યવસ્થિત થઇ ચકડોળે ચઢશે એમ તેઓ સમજતા હતા. તેથી, પ્રાચીન કાળના

યજ્ઞકાંડના દોષો દૂર કરવાને વેદને બાજુ ઉપર મુકી નવી ભાવનાથી ધર્મચક્રપ્રવર્તનનો પ્રકાર ભગવાન બુદ્ધે સ્વીકાર્યો હતો, તેના કરતાં વેદનો યજ્ઞકાંડ હોય તો તે વિચારમય મનુષ્યોને અર્થે નથી, પણ સમજુ અને વિવેકી સાધનસંપન્ન પ્રાણીઓને અર્થે વેદનો યજ્ઞકાંડ છે, એવી શંકરાચાર્યની પ્રાચીન વેદધર્મની સમુદ્ધારની પદ્ધતિ આ શ્રેયઃસાધક વર્ગમાં વધારે ઉપયોગી ગણવામાં આવી હતી. પુરાતન પદ્ધતિમાં દોષો છે, પણ તે સાથે કેટલાક ગુણો પણ છે, અને તે પણ તર્ક વડે પારખી શકાય છે, એવા નિશ્ચયને અનુસાર શ્રીમન્નૃસિંહાચાર્યજીએ ગુજરાતી ધાર્મિક અને તાત્ત્વિક સાહિત્ય રચ્યું હતું. આ સાહિત્ય ધારાવાહી પ્રકટ કરવામાં આવ્યું હતું. વર્ષમાં બે ત્રણ વાર શ્રેયઃસાધકો પોતાના ગુરુસ્થાને મળતા હતા, પોતપોતાનાં નિયત સાધનો સાધવા ઉપરાન્ત સર્વસામાન્ય ધર્મવ્યવસ્થા કેવી હોઈ શકે તેનું ચિત્ર શ્રીમન્નૃસિંહાચાર્ય પોતાના ગ્રંથો દ્વારા આપતા હતા. તેમના સિદ્ધાન્તસિન્ધુ, સુરેશચરિત્ર, ભામિનીભૂષણ, ત્રિભુવનવિજયી ખડ્ગ, પંચવરદવૃત્તાન્ત, વાણીવિલાસ, સુખાર્થે સદુપદેશ, સદ્બોધ-પારિજાતક, વગેરે ગ્રંથો ગુજરાતીમાં આપણા હિન્દુ ધર્મનું સ્વરૂપ સગુમતાથી સમજાવે છે. આ ઉપરાન્ત "મહાકાલ "નામના માસિક દ્વારા અને 'સદુપદેશશ્રેણી' નામની ગ્રંથાવલિ દ્વારા શ્રેયઃસાધક અધિકારી વર્ગના વિદ્વાનોએ ગુજરાતી તત્ત્વજ્ઞાનનું વિપુલ સાહિત્ય ઉત્પન્ન કર્યું છે; અને આ પ્રચાર શ્રીમન્નૃસિંહાચાર્યજીના પુત્ર શ્રીમદ્ ઉપેન્દ્ર ભગવાનના અધ્યક્ષપણા નીચે હજુ પણ ચાલું છે. શ્રેયઃસાધક વર્ગના આદ્ય સંસ્થાપક શ્રીમન્નૃસિંહાચાર્યજીના તથા તેમના અગ્રગણ્ય અનુયાયીઓ જેવા કે બ્રહ્મનિષ્ઠ શ્રીમન્ છોટાલાલ (માસ્તર સાહેબ), જેકીસનદાસ કણિયા, નગીનદાસ મહેતા, મણિશંકર ભટ્ટ, હરિદત્ત શાસ્ત્રી, વગેરેના ગ્રંથોથી[૭] શ્રેયસાધક અધિકારી વર્ગના ધર્મજ્ઞાનના સાહિત્યમાં નીચેના વિશિષ્ટ ગુણો દાખલ થવા પામ્યા છેઃ

(૧) પુરાણ પદ્ધિતિમાં મિથ્યા ફકીરી અથવા ત્યાગને જે અણઘટતું માન મળતું હતું તેને બદલે શુદ્ધ સંન્યાસનો અધિકાર ઘણો ઊંચો છે, અને તેવા અધિકારીઓ ઘણા ઓછા છે. શુદ્ધ વિચાર વડે ગૃહસ્થાશ્રમનું પાલન કરનાર જેટલી ધર્મરક્ષા કરે છે તેટલી ત્યાગી કરી શકતો નથી.

(૨) ધર્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાન સર્વદેશી છે અને દેવતાવાદમાં ગૂંચવી

નાંખવાની અગત્ય નથી. દેવતાવાદ તત્ત્વવાદના પગથિયારૂપ છે, અને ભિન્ન દેશ, કાલ, પરત્વે દેવતાની ભાવના બદલાતાં છતાં તત્ત્વભાવના સુસ્થિર રાખી શકાય છે. તેથી ધર્મવિરોધ એ મિથ્યાજ્ઞાનનું પરિણામ છે.

(૩) ધર્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ ગ્રંથોના વાચન દ્વારા અથવા પ્રાચીન શ્રવણાદિ સાધનો દ્વારા થાય છે, તેના કરતાં વધારે સુગમતાથી અનુભવી ગુરુના પ્રત્યક્ષ સહવાસ અને શિક્ષણથી થાય છે.

(૪) વ્યવહાર પરમાર્થનો વિરોધી નથી, પરંતુ કુશલતાથી સાધ્યો હોય તો પરમાર્થનો સાધક અથવા પોષક છે.

(૫) સર્વ ધર્મો અને દર્શનો વીતરાગ બુદ્ધિથી સમજવામાં આવે તો તેની એકવાક્યતા થઇ શકે છે. તેથી અમુક મુદ્દામાં એક દર્શન વધારે પ્રમાણભૂત ગણાતાં છતાં તત્ત્વનિર્ણય સ્વતંત્ર બૂદ્ધિ વડે થઇ શકે છે.

(૬) સમાજ-સુધારણા ઈષ્ટ છે, પરંતુ ઉચ્છેદક નીતિથી નહિ, પણ સંરક્ષક રીતિથી તે સાધી શકાય છે, અને પ્રજામતને ક્રમ વડે ઊંચી કક્ષા ઉપર લઇ જવાય છે.

વડોદરામાં જેવો પ્રયત્ન શ્રી નૃસિંહાચાર્યજીએ હિન્દુધર્મના શુદ્ધ રૂપનો પ્રસારનો કર્યો હતો તેવો પ્રયત્ન મુંબઇમાં વેદાન્તઉપદેષ્ટા શ્રી જયકૃષ્ણ વ્યાસે અને કાઠિયાવાડમાં આચાર્યશ્રી નથુરામ શર્માએ કર્યો છે. વેદાન્ત શાસ્ત્રનું સંસ્કૃત સાહિત્ય ગુજરાતી ભાષામાં પ્રચલિત કરવાનું માન શ્રી જયકૃષ્ણ વ્યાસ અને તેમના અનુયાયીઓને છે. તેમના પંચીકરણ અને પંચદશીના ભાષાન્તર વડે વેદાન્ત શાસ્ત્રનું સામાન્ય જ્ઞાન ગુજરાતીમાં આપણને મળી શકે તેમ છે. વેદધર્મ સભાથી પ્રકટ થયેલા ભગવતી ભાગવત, યોગવાસિષ્ઠ, શ્રીમદ્ભાગવત, મહાભારત, વગેરે ગ્રંથોએ આપણા ધર્મનું ઈતિહાસપુરાણનું સાહિત્ય ગુજરાતીમાં દાખલ કર્યું છે, અને સસ્તા સાહિત્યના ચાલાક ભિક્ષુ અખંડાનંદે સ્વામી રામતીર્થ, અખાની વાણી, પ્રીતમની વાણી, દેવી ભાગવત, ગિરધરકૃત રામાયણ, વગેરે ગ્રંથો વડે સામાન્ય જનોને ઉપકારક થાય તેવું ધાર્મિક સાહિત્ય પૂરું પાડયું છે.

ઉપરના સંગ્રાહક સાહિત્ય ઉપરાન્ત શુદ્ધ વિચારને ઉત્તેજિત કરે તેવું, શ્રી ઇચ્છારામ સૂર્યરામનો ચન્દ્રકાન્ત, શ્રી ગોવર્ધનરામના સરસ્વતીચંદ્રના ત્રીજા અને

ચોથા ભાગ, રા. બા. કમળાશંકરભાઇનું બ્રહ્મસૂત્ર ઉપરનું શાંકરભાષ્ય, આચાર્યશ્રી આનંદશંકરભાઇનો "આપણો ધર્મ," અને બ્રહ્મસૂત્ર ઉપરનું શ્રી રામાનુજનું શ્રીભાષ્ય, સ્વ. ઉત્તમલાલભાઇનું તિલકનું ગીતારહસ્ય, વિશ્વનાથ સદારામ પાઠકનું નાચિકેતા કુસુમગુચ્છ વગેરે તત્ત્વજ્ઞાનનું પ્રૌઢ સાહિત્ય ગુજરાતી ભાષામાં છેલ્લા ત્રીસ વર્ષમાં પ્રકટ થયું છે.

શુદ્ધાદ્વૈતમતનું સાહિત્ય ગુજરાતીમાં પાછલા વીસ વર્ષથી સ્વતંત્ર પ્રકટ થયું છે, અને તેમાં તટસ્થાતાથી ધર્મનાં ચિંતનો થયાં છે. ગુજરાત વિદ્યાપીઠના ઉદય પછી પુરાતત્ત્વમંદિરના આશ્રયે પ્રકટ થતું જૈન દર્શન અને બૌદ્ધ દર્શનનું ઐતિહાસિક સાહિત્ય ગુજરાતી ભાષાને ઘણું શોભા આપનારું પ્રકટ થયું છે. આ ઉપરાન્ત જૈન ધર્મના મૂલ ગ્રંથોનું પ્રકટીકરણ ભાવનગર અને મુંબઇમાં થવાથી તથા "તત્ત્વાખ્યાન" જેવા પ્રૌઢ ગ્રંથના પ્રકાશનથી હિન્દુધર્મના અનુયાયીઓને જૈન શાસનનું સાચું રૂપ સારી રીતે સમજાય એવી અનુકુલતા થઇ છે. તે ઉપરાન્ત અર્વાચીન જૈન તત્ત્વચિંતક રાયચંદભાઇ, જેમના પ્રતિ મહાત્મા ગાંધીજીની પૂજ્ય બુદ્ધિ જાણવામાં છે, તેમના ગ્રંથો વેદાન્ત અને દર્શનનો સમન્વય કરનારા છે.

આ ઉપરાન્ત ગુજરાતી ભાષામાં ખ્રિસ્ત ધર્મનું સાહિત્ય લગભગ ૩૦૦ ગ્રંથોનું Gujarat Tract Book Society તરફથી આજ સુધીમાં પ્રકટ થયું છે. આ સાહિત્ય જો કે પાદરીઓના ધર્મપ્રસારણના પ્રયત્નથી થયું છે, તો પણ પરધર્મોના રહસ્યની તુલના કરવામાં અને ભગવાન જિસસ ક્રાઇસ્ટના ધર્મનું ખ્રિસ્ત ચર્ચથી રૂઢ થયેલા ધર્મથી પૃથક્કરણ કરવામાં આ સાહિત્ય ઘણું ઉપયોગી છે. ગુજરાતી ભાષા ઘણી સરલ સ્વીકારવામાં આવી છે. આ સાહિત્ય આદરભાવથી હિંદુઓએ વાંચવાની અગત્ય છે. પરધર્મના સ્વરૂપને સમજ્યા વિના ધર્મતત્ત્વનું રહસ્ય સમજાતું નથી અને તે ધર્મનું સ્વરૂપ તે તે ધર્મના શુદ્ધ વિચારકોના ગ્રંથોથી જ જાણી શકાય છે. મારા જાણવા પ્રમાણે મુસ્લિમ ધર્મનું સાહિત્ય ગુજરાતીમાં ભાષાન્તરરૂપે છૂટું છવાયું દાખલ થવા પામ્યું છે. કરીમ મહમદ માસ્તરની "ઇસ્લામની ઓળખ" માં આપણને શુદ્ધ ઇસ્લામના મંતવ્યો, અને હજરત મહમદ પેગંબર સાહેબ (સલ) ના પવિત્ર આદેશો ગુજરાતી ભાષામાં સરલતાથી સમજાવવામાં આવ્યા છે. આ ઉપરાન્ત માંગરોળની ગાદીવાળા

મોટામિયાં સાહેબના " ચિસ્તીઆ દાવત ગ્રંથમાળા " નાં નાનાં પુસ્તકોમાં ઇસ્લામના ધર્માચારોમાં સમાયેલાં રહસ્યો સમજાવવા સારો પ્રયત્ન થયો છે. વળી 'નૂરેરોશન' નામનો એકલવારાવાળા પીર શાહ કાયમુદ્દીન ચિસ્તીનો રચેલો ગ્રંથ વાંચવાથી મુસલમાનોના " વલી " અને હિન્દુના " મહાત્મા " ના પદમાં કેવું સામ્ય છે, અને તે પદ મેળવવા સાધનોમાં કેવી એકવાક્યતા છે તે દર્શાવવા ઉત્તમ પ્રયત્ન થયો છે.

## ઉપસંહાર

ગુજરાતી ભાષામાં ધર્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનું સાહિત્ય કેવું અને કેટલું છે તેનું ચિંતન કર્યા પછી ભાવી પ્રયત્નો આ સાહિત્યની અભિવૃદ્ધિ કરવામાં કેવા થવા જોઇએ તેનો વિચાર કરવો શેષ રહે છે.

ધર્મજ્ઞાનનું સાહિત્ય અદ્યાપિ ઇશ્વરભક્તિમાં પરિસમાપ્ત થયું છે. આરંભમાં ધર્મનું જે વ્યાપક રૂપ બતાવ્યું છે તે સર્વ રૂપનાં અંગપ્રત્યંગોને વર્ણવે તેવું સાહિત્ય હજી આપણી ભાષામાં ઉદય થયું નથી. આપણા ધાર્મિક આચારો કેવી રીતે ઘડાયા છે તેનું વેદકાળથી તે આજ સુધીનું ઐતિહાસિક વર્ણન, વિશેષ ધર્મો ક્યા, વર્ણધર્મો અને આશ્રમ ધર્મો ક્યા, કલિવર્જ્ય ધર્મો ક્યા ધર્મોમાં સનાતન તત્ત્વ કયું, અને દેશકાલ પરત્વે બદલાતું રૂપ કયું, વર્ણાશ્રમધર્મ બહારની પ્રજા સાથે પાળવાના નિયમોનું સ્મૃતિ અનુસાર રૂપ કેવું છે, અને તેમાં આ જમાનામાં એટલે કલિયુગમાં શા કારણથી કેવા ફેરફારો ઋષિમુનિઓએ અને ધર્મનિબંધના કર્તાઓએ કર્યા છે, વગેરે બાબતોનું ચિંતન થવાની જરૂર છે. તે ઉપરાંત વ્યવહારધર્મનું લક્ષણ, રાજધર્મની પ્રાચીન અને અર્વાચીન શ્રેણીઓ, તેમાં થવો જોઇ તો ફેરફાર, વગેરે પણ વિચારવાના પ્રશ્નો છે. તે ઉપરાન્ત ભક્તિની અને ઉપાસનાની મીમાંસા, ભક્તિ અને જ્ઞાનનો પરસ્પર કેવા પ્રકારનો સંબંધ છે, ભજનીય અને પરમેશ્વરના સ્વરૂપનું ચિંતન, વિશ્વમય અને વિશ્વોત્તીર્ણ-અન્તર્યામી અને તટસ્થ-ઇશ્વરની ભાવના કેવી ઉદય થઇ છે, અને પશ્ચિમની ખ્રિસ્તી ધર્મની ઇશ્વરભાવના અને મુસ્લિમ ધર્મની ઇશ્વરભાવના સાથે કેવી રીતે મળતી આવે છે અને ક્યા અંશમાં વિરોધી છે તેનું તાત્ત્વિક વર્ણન કુશળ ચિંતકોના હાથે થવું જરૂરી છે.

વળી અનીશ્વરવાદી જૈન અને બૌદ્ધ દર્શન સાથે તીર્થંકર બુદ્ધકાયને લગતી ભક્તિનો ઉદય કેવી રીતે થયો, ભક્તિનું તે દર્શનમાં સ્થાન કેવી રીતે આવે છે, વગેરે પણ વિચારણીય વિષયો છે.

આ ઉપરાન્ત પૌરાણિક ધર્મમાં ક્યા તાત્ત્વિક અંશો છે અને ક્યા અર્થવાદ રૂપે છે ; તીર્થ અને સ્થાનમાહાત્મયના ગ્રંથોમાં ઇતિહાસ-ભૂગોળના સત્ય અંશો ક્યા સમાયેલા છે;પુરાણોમાં ઐતિહાસિક રાજવંશોની માહિતી ક્યાં સુધી મળે છે, તેમાં ગલત ભાગો ક્યા છે, તેની પૂર્તિ પુરાતત્ત્વની આજ સુધી થયેલી શોધથી કેટલી થઇ શકી છે; દેવળોની રચના અને તેને લગતા શિલ્પ-શાસ્ત્રના નિયમો;દેવોની માનુષી અને અમાનુષી ભાવનાઓ; તન્ત્રો અને આગમ ગ્રંથોમાં સમાયેલી વિદ્યાઓનું વર્ગીકરણ અને સ્પષ્ટીકરણ; તાન્ત્રિક પદ્ધતિઓના પ્રકટ અને રહસ્ય અંશો; શુભાગમો અને અશુભાગમો; વેદ અને તન્ત્રોનો પરસ્પર સંબંધ; વેદાચાર અને તન્ત્રાચારની સરખામણી; તન્ત્રનો જૈન અને બૌદ્ધ ધર્મમાં પ્રવેશ; સંપ્રદાયોનો અને પંથોના ઉદય કેવી રીતે થયો અને તેનો વેદ ધર્મ અને તંત્ર ધર્મની શાખા સાથે કેવો સંબંધ છે, વગેરે અનેક વિષયો ઉપર નિબંધો રચવાની જરૂર છે.

વળી ગુજરાતની ભૂમિમાં જેમણે ધર્મપ્રસારણનું કાર્ય કર્યું છે તેવા સાધુ-સન્તો અને આચાર્યોનાં અત્યુક્તિ વિનાનાં માનુષી જીવનચરિત્રો લખવાની અગત્ય છે. મરાઠી ભાષામાં આવાં ચરિત્રો સારાં લખાયાં છે. સર્વસામાન્ય પ્રજાના હાથમાં આ ચરિત્રો સુગમતાથી મળે તેવી યોજના આચાર્યો અને ધર્માધ્યક્ષોએ કરવી જોઈએ.ખ્રિસ્તી-ધર્મના પ્રસારણની કલાઓ પૈકી એક પણ કલા આપણે સિદ્ધ કરી નથી. આપણાં રેલવે-સ્ટેશનો અને તીર્થસ્થાનોમાં રામચરિત્ર, કૃષ્ણચરિત્ર, વીરચરિત્ર, બુદ્ધચરિત્ર, નરસિંહ મહેતાનું ચરિત્ર, મીરાંબાઈચરિત્ર, શ્રી વલ્લભાચાર્યચરિત્ર, શ્રી સહજાનંદચરિત્ર, દયાનંદચરિત્ર, વગેરે ભાષામાં લખાયેલા મળવાં જોઈએ.

તત્ત્વજ્ઞાનનું સાહિત્ય આપણું ગુજરાતીમાં નહિવત્ છે અને જે કાંઈ છે તે ઘણે ભાગે ભાષાન્તરરૂપે છે. બ્રાહ્મણ ધર્મ, જૈન ધર્મ, અને બૌદ્ધ ધર્મની પ્રત્યેક શાખાનાં દર્શનોનું ઐતિહાસિક વર્ણન ગુજરાતીમાં થવું જોઈએ. આ પ્રયત્ન

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ હિન્દ તત્ત્વજ્ઞાનના ઈતિહાસમાં કર્યો છે. પરંતુ મારો અભિપ્રાય એવો છે કે પ્રત્યેક દર્શનને લગતાં સ્વતંત્ર નિબંધો Black Wood Philosophical Series જેવા લખવા જોઈએ. ઉદાહરણ તરીકે ઐતરેય મુનિ અને તેના સિદ્ધાંતો; યાજ્ઞવલ્કય અને તેનો બ્રહ્મવાદ; મહાવીર સ્વામી અને જૈન દર્શન; ગૌતમ બુદ્ધ અને બૌદ્ધ દર્શન,મહાયાન અને હીનયાનઃ કણાદ અને વૈશેષિક; ગૌતમ અને ન્યાય; કપિલ અને સાંખ્ય; પતંજલિ અને યોગ, જૈમિનિ અને કર્મ મીમાંસા; બાદરાયણ અને બ્રહ્મમીમાંસા; શંકરાચાર્ય અને કેવલાદ્વૈતદર્શન; રામાનુજ અને વિશિષ્ટાદ્વૈતદર્શન; વલ્લાભાચાર્ય અને શુદ્ધાદ્વૈતદર્શન; શ્રીકંઠ અને શિવાદ્વૈત દર્શન; લકુલીશ અને પાશુપત દર્શન; સોમાનંદ અને કાશ્મીર શૈવ દર્શન; શિવાચાર્યો અને દ્રાવિડ શૈવ સિદ્ધાન્ત; દયાનંદ સ્વામી અને આર્યસમાજ; નૃસિંહાચાર્ય અને શ્રેયઃસાધક સંસ્થા; અને પ્રાર્થના સમાજના સિદ્ધાન્તો વગેરે વિષયો ઉપર સોસો પાનાના નિબંધો તે દર્શનોના નિપુણ વિદ્વાનોને હાથે લખાવા જોઈએ. ગુજરાતી પ્રજા આ વિષયોનું માતૃભાષામાં સ્વતંત્ર ચિંતન કરી શકે તેવા સાહિત્યની જરૂર છે. તરજુમિયા સાહિત્યની હવે અગત્ય નથી.

આ ઉપરાન્ત તે તે દર્શનોમાં રસ લેનારા વિદ્વાનોએ ગુજરાતમાં એવી એક સંસ્થા Society ઊભી કરવી જોઈએ કે જ્યાં ધર્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના વિષયો ઉપર ચર્ચા થાય, પાશ્ચાત્ય ધર્મજ્ઞાનની શ્રેણીઓના સ્વાધ્યાય કરનારા પાસે ગુજરાતીમાં પ્રવચન થાય, આપણી ધર્મજ્ઞાનની અને તત્ત્વજ્ઞાનની શ્રેણીઓ સાથે તેની સરખામણી થાય, તેના ઉપર વાદ થાય; અને ગુજરાતીમાં ત્રિમાસિક આ સંસ્થા તરફથી પ્રકટ થાય.

ગુજરાતી ભાષાની યુનિવર્સિટીમાં પ્રતિષ્ઠા થઈ છે એટલાથી જ આપણે તૃપ્ત થઈ બેસી રહેવાનુ નથી. ગુજરાતીમાં ધર્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાનને લગતું પ્રૌઢ સાહિત્ય શિષ્ટ વિદ્વાનોથી ઉત્પન્ન થવું જોઈએ અને તેમાં આ સંસ્થા પરોક્ષ રીતે સારી મદદ કરી શકે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી આવી એક શાખાનો જન્મ થાય અને તે વડવાઈમાંથી નવું વૃક્ષ જન્મ પામે તો તે સત્વર ઊછરી આવે.

ગુજરાતીમાં કોશની ખામી ઘણાં વર્ષોથી જણાય છે, અને તે પૂરી પાડવાના પ્રયત્નો થાય છે, પરંતુ ધર્મ અને તત્ત્વજ્ઞાનની શાખાના પારિભાષિક શબ્દોનો એક

સ્વતંત્ર કોશ થાય નહિ ત્યાં સુધી ગુજરાતી ભાષામાં ઉત્પન્ન થયેલા તે શાખાના સાહિત્યની સમજણ સારી રીતે ઉદય થવી સંભવતી નથી. બ્રહ્મ, અવિદ્યા, વિદ્યા, પ્રકૃતિ, વિકૃતિ-ઇત્યાદિ શબ્દો વપરાયા કરે છે. પરંતુ તેના આવા કોશની ખાસ અગત્ય છે.

આશા છે કે સાહિત્ય પરિષદની ધર્મ અને તત્ત્વજ્ઞાનના વિભાગની વિચારસરણી સમિતિ ઉપરના સૂચવેલા મુદ્દાઓ ઉપર વિચાર કરી યોગ્ય નિર્ણય ઉપર આવશે.[૮]

❖ ❖ ❖

## ★ ટિપ્પણ ★

૧. જુઓ धर्मप्रभवं सुखम्। अधर्मप्रभवं दुःखम्। (तर्ककौमदी) धर्मेण गमनमूर्ध्वं गमनमधस्ताद् भवत्यधर्मेण। (सांख्यकारिका)

૨. तद् दुष्टं ज्ञानम् (अविद्या) ॥ ११ ॥ अदुष्टम् (ज्ञानम्) विद्या ॥ १२ ॥ आर्षेण सिद्धदर्शनं धर्मेभ्यः ॥ १३ ॥ (वैशेषिक दर्शन – નવમા અધ્યાયનાં સૂત્રો)

૩. दानावांस्तु वशीकृत्वा, पुनर्बुद्धत्वमागतः।
सर्गस्य रक्षणार्थाय तस्मै बुद्धात्मने नमः ॥
शांतिपर्व–राजधर्मपर्व अ. ४६ श्लोक १०७

૪. જુઓ : इत्येते ऋषिभिर्युक्ता देवद्विजनुपास्तु ये।
एतान्भावानघीयाना ये चैव ऋषयो मताः।
सप्तैते सप्तभिश्चैव गुणैः सप्तर्षयः स्मृताः ॥ (વાયુપુરાણ)

૫. અખા સંબંધી વિશેષ માહિતી સારુ જુઓ - "**અખો**," સ્વ. રા. બા. કમળાશંકર સ્મારક વ્યાખ્યાનમાળા પુષ્પ ૧.

૬. જુઓ "સહજાનંદી કવિઓનું કાવ્યરહસ્ય" રા. રા. લાલશંકર મથુરભાઈ જાનીનો લેખ ગુજરાતીમાં દીવાળીનો અંક ૧૯૧૨.

૭. જુઓઃ- છોટાલાલ માસ્તરની 'યોગિનીકુમારી', જેકીસનદાસ કાણયાનાં 'પાતંજલ યોગદર્શન', 'બ્રહ્મસૂત્રવિવરણ', મણિશંકર ભટ્ટનો 'સર્વદર્શન સંગ્રહ', હરિદત્ત શાસ્ત્રીનો 'જીવન્મુક્તિવિવેક' વગેરે ગ્રંથો.

૮. ૮મી ગુજરાતી સાહિત્ય પરિસદના ધર્મ અને તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ તરીકે આપેલું વ્યાખ્યાનઃ તા. ૧૦-૧૦-૧૯૨૮.